સહજ-સત્સંગ

અંક : ૨૬૭ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા માર્ચ - ૨૦૧૧

ચંદ્રઘંટા

મા મીરાંબિકા

To will what Thou Willest always in all circumstances
is the only way of enjoying an unshakable peace.

- The Mother

અડગ શાંતિની પ્રાપ્તિ

ભાવાનુવાદ

તારી ઈચ્છા એ મારી ઈચ્છા, સર્વ પરિસ્થિતિ માંહિ
એ જ ઉપાય અંતિમ ગણ્યો છે, અડગ શાંતિ મેળવવા, ભાઈ

- શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૬ જૂન ૧૯૧૪)

અમે કામની સાથે આસક્ત થયા વિના તે કરી શકીએ અને વ્યક્તિગત આવિર્ભાવની શક્તિઓ વિકસાવી શકીએ તે માટેની શક્તિ આપ.

..... અદ્વૈતની અમારી જે સમજ છે તેને અનુમતિ આપ, અમને સર્વ પ્રકારના અજ્ઞાનમાંથી મુક્ત કર.

આ કરણને આ જગતમાં કાર્ય કરવાને માટે બનાવવામાં આવેલું છે...... પરંતુ એને જે ચેતના જીવંત બનાવી રહી છે, એ ચેતનાએ તારી સાથે એકરૂપ બની રહેવું જોઈએ.

અમે આવિર્ભાવનાં જે સામાન્ય રૂપો છે તેનાથી ઉપર ચાલ્યા જઈએ, અને એ રીતે તને તારા નવીન આવિર્ભાવ માટેનાં જરૂરી કરણો મળી રહો.

અમારી પ્રાર્થના છે કે અમે હંમેશા તારી શક્તિ સાથે જોડાએલાં રહીએ. એ શક્તિને હજી પૃથ્વી જાણતી થએલી નથી અને પૃથ્વીને એ શક્તિ બતાવી આપવી એ કાર્ય તેં અમને સોંપેલું છે

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (અદ્વૈત ચેતનાનું સ્વરૂપ અને સાક્ષાત્કાર)	૧
યોગમાર્ગમાં આવતાં જોખમો - ભયસ્થાનો - ૩	૪
માતૃવાણી (સ્વપ્નાને સમજો)	૮
માનવવિકાસ ચક્ર (તર્કાતીત સૌંદર્ય)	૧૨
સાવિત્રી (પ્રજ્ઞાનું ગૂઢ-કાર્ય)	૧૫
ઉપનિષદોનું અમૃત (આત્મશક્તિનો પ્રકાશ)	૨૦
યોગ વિષે પત્રો (પ્રાણનાં વિવિધ લક્ષણો અને કેન્દ્રો)	૨૧
વેદનું રહસ્ય (ભૂમિકા)	૨૫
સુંદર કથાઓ (કામ અને આરામ સાથે જ)	૨૭
ઉત્ક્રાંતિ (ઉત્ક્રાંતિનો હેતુ બાબત અજ્ઞાન :)	૨૮
યોગ પર દીપ્તિઓ (લક્ષ્ય)	૩૧
આગામી-ભાવિ (જીવન : પ્રભુની લીલા)	૩૩
વેદવિજ્ઞાન (નૂતન - સ્વર્ગનું નિર્માણ)	૩૪
વિદ્યાર્થીઓને માર્ગદર્શન (પ્રાણતત્ત્વનું (વાસનાઓનું) રૂપાંતર કેવી રીતે કરશો ?)	૩૭
સાંજના વાર્તાલાપો (પરિપૂર્ણ સમત્વ)	૩૯
શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો (આગામી ઉત્ક્રાંતિની ઝાંખી)	૪૧
સંવાદી આરોગ્ય (મનની અલિપ્તતા (નિર્લેપતા))	૪૩
હું માનવી માનવ થાઉં તો ઘણું	૪૬
કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર	

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૬૭ વર્ષ : ૨૨
માર્ચ - ૨૦૧૧

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

અદ્વૈત ચેતનાનું સ્વરૂપ અને સાક્ષાત્કાર

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુને પ્રાર્થના કરી રહ્યાં છે. તેમની અદ્વૈત ચેતનાની જે સમજણ છે તે મુજબ અદ્વૈત-ચેતના મેળવવા માટે ત્રણ શરતો પૂરી થવી જરૂરી છે.

૧ કોઈપણ કાર્યમાં વ્યક્તિગત કોઈ આસક્તિ ન હોવી જોઈએ. તે એક પ્રભુનું કાર્ય સમજીને તેમના માધ્યમ છીએ એ ભાવથી કરવું જોઈએ.

૨ પોતાનું અલગ વ્યક્તિત્વ છે એ ભ્રાંતિનો સમૂળગો નાશ કરવો જોઈએ. આવી ભ્રાંતિને જ અહંકાર કહે છે. તેને બદલે પ્રભુના વૈશ્વિક-સ્વરૂપનો જ હું અંશ છું અને પ્રભુની પ્રેરણાનુસાર જ મારે જીવવું જોઈએ, મારું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વજ નથી; એવો ભાવ રાખવો જોઈએ.

૩ આપણને પ્રભુનો જે વિશેષ પ્રકારનો આવિર્ભાવ કરવાની ક્ષમતા જન્મથી આપી છે તેનો પૂરેપૂરો વિકાસ કરવો જોઈએ.

આ ત્રણે વસ્તુ જ્યારે સાધ્ય થાય છે ત્યારે અજ્ઞાનનો નાશ થાય છે. અજ્ઞાનને કારણે જ આપણે પ્રભુની અદ્વૈત-ચેતનાથી વિખૂટાં પડી ગયાં છીએ, તેથી આ અજ્ઞાન નષ્ટ થતાં જ આપણે પ્રભુ સાથે એકરૂપતા અનુભવશું. આવી એકરૂપતા જ અદ્વૈત-ચેતના છે. હે પ્રભુ, અમારી આ અપેક્ષાને વાસ્તવિક બનાવો.

આવી રીતે પ્રભુની ચેતના સાથે એકરૂપ થવાથી જ આપણા વ્યક્તિગત સ્વરૂપનું સંચાલન કરતી ચેતના આપણા સ્વરૂપને પ્રભુનું કાર્ય કરનાર એક કરણ તરીકે વિકસાવી શકે છે.

અહંકારમાં જીવવું, અમારા મન, પ્રાણ, શરીરને અહંકારની પ્રેરણાનુસાર કામ કરતા રાખવા આ તો સામાન્ય ચેતનામાં રહેવાનો પ્રકાર છે. તેમાંથી ઉપર ઊઠીને આપણે ઉપર જણાવેલી અદ્વૈત-ચેતનામાં સ્થિર થવું પડશે.

આમ, અદ્વૈત ચેતનાને કારણે પ્રભુ અને આપણું વ્યક્તિગત-સ્વરૂપ જોડાઈ જાય છે. આ જોડાણને કારણે પ્રભુમાંથી એવી એક દિવ્ય-શક્તિ રેલાતી આપણા સ્વરૂપમાં અવતરણ પામે છે, જે હજી માનવોને પરિચિત નથી. એ શક્તિને આપણામાં અવતરણ કરાવી તેનાં વાસ્તવિક પરિણામો જીવનમાં દર્શાવવા માટે જ પ્રભુએ તેમને મોકલેલાં છે એવું માતાજીને લાગે છે. તે દિવ્ય-શક્તિ એટલે જ અતિમનસ શક્તિ, જે અદ્વૈતની ચેતના પ્રાપ્ત કર્યો બાદ જ માનવ પ્રાપ્ત કરી શકે છે.

યોગમાર્ગમાં આવતાં જોખમો - ભયસ્થાનો - ૩

- જ્યોતિબેન થાનકી

યોગ દ્વારા મનુષ્ય પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે, પરંતુ વિચારક મન અને તેની બુદ્ધિ તેના માર્ગમાં અવરોધક બને છે. આથી સાધકે પોતાના મનની પ્રત્યેક ગતિવિધિ પ્રત્યે સચેત રહેવું પડે છે.

યોગસાધનામાં મન અને બુદ્ધિ દ્વારા થતી રુકાવટ :

આધ્યાત્મિક જગતનાં રહસ્યો મન અને બુદ્ધિથી સમજી શકાતાં નથી. આથી પોતાના અનુભવોને જો મનથી મૂલવવાનો પ્રયત્ન સાધક કરે તો તેમાં વિકૃતિઓ પ્રવેશી જાય છે. યોગમાં બુદ્ધિથી નહીં પણ આંતરિક ગ્રહણશીલતાથી પ્રગતિ થાય છે. બુદ્ધિ દ્વારા ક્યારેય યોગ થઈ શકતો નથી. આ વિષે એક પત્રમાં શ્રી અરવિન્દ કહે છે કે ''બુદ્ધિ અજ્ઞાનમાંથી મૂર્ખાઈભરેલી વાતો કરતી રહે છે. તે પોતાની રચનાની એક દીવાલ ઊભી કરે છે. એ દીવાલ બુદ્ધિની પોતાની શક્તિઓ અને સીમાઓથી કેટલાય ગણા મહાન એવા દિવ્ય સત્યને પોતાની અંદર આવવા દેતી નથી.'' ઉપરથી જે સત્ય ઊતરી આવે છે, તેનું અર્થઘટન બુદ્ધિ પોતાની રીતે કરતી હોવાથી એ સત્યમાં વિકૃતિ આવી જાય છે. સાધનામાં મન અને બુદ્ધિ દ્વારા ઊભી થતી રુકાવટ વિષે શ્રી અરવિન્દ કહે છે કે, ''જો મન અમુક બુદ્ધિપ્રધાન બાબતોમાં ખૂબ બૌદ્ધિક રીતે વિકાસ પામેલું હોય તો તે સાધનામાં રુકાવટ ઊભી કરે તેવું બને...... વળી ઘણા બુદ્ધિશાળી માણસો માટે તેમની બુદ્ધિ ઠોકર ખવડાવનાર પથ્થર જેવી બની રહે તેવો સંભવ છે, કેમ કે તેઓ માનસિક ધારણાઓ બાંધી લેતા હોય છે. તેમના ચૈતસિક અગ્નિને બુદ્ધિપ્રધાન વિચારના ભારે વજન હેઠળ નુકસાન થતું હોય છે.''

મનની અજ્ઞાનતા :

માનવીનું મન અત્યારે જે સ્થિતિમાં છે, તે સ્થિતિમાં તે પ્રભુના હેતુને સમજી શકતું નથી. મન પોતે જ અજ્ઞાન છે. જ્ઞાન તો અંતરાત્મામાં રહેલું છે.

મન એ જ્ઞાનનું સાધન બની શકતું નથી, કેમ કે સામાન્ય માનવીના મનમાં અનેક પ્રશ્નો, ગૂંચવણો, દલીલો, સતત ચાલતાં જ હોય છે. ઊર્ધ્વમાંથી આવતા સંદેશાઓને તે યથાતથ ઝીલી શકતું નથી. આવું મન યોગમાર્ગમાં અવરોધક બને છે. શ્રી માતજી કહે છે કે, ''મનથી હજારો પ્રશ્નો પૂછી શકાય, તેના જવાબ માટે કદાચ આખું પુસ્તક ઉપયોગમાં લેવાય તો ય મન કશું સમજી શકશે નહીં. જો મન શાંત થાય તો જ ઊર્ધ્વમાંથી આવતા સંદેશાઓ ઝીલી શકાય. જ્ઞાન સહજ પ્રજ્ઞાથી મળી શકે.'' આધ્યાત્મિક બાબતોનો નિર્ણય મનથી કરવો શક્ય નથી. યોગમાં તો મનને શાંત અને નીરવ કરી દેવાનું હોય છે. જેટલી મનની શાંતિ સઘન તેટલી યોગયાત્રા ઝડપી બને છે.

શંકા અને ભયનો હુમલો :

યોગમાર્ગમાં સાધકને ઘણી વખત પોતાની સાધના અંગે શંકા જાગે છે કે ખરેખર હું સાચે માર્ગે તો છું ને ! હું ખોટી ભ્રમણાઓમાં અટવાઈને જીવનને વ્યર્થ ગુમાવી રહ્યો તો નથી ને ? આવી શંકાઓને તો મૂળમાંથી જ ઉખેડીને ફેંકી દેવી પડે છે. જો મનમાં શંકાનો કીડો સતત સળવળતો હોય તો સાધનામાં આગળ જવાતું નથી. શંકાની સામે પૂર્ણશ્રદ્ધાને સતત ટકાવી રાખીને સાધકે પોતાની યાત્રા ચાલુ જ રાખવી જોઈએ. જેમણે ભગવાનનો રસ્તો લીધો છે, તેઓને તો ભૂલા પડવાની કોઈ શક્યતા જ નથી. કદાચ લાંબો કે આડોઅવળો માર્ગ લેવાઈ ગયો હશે, તો પણ ભગવાન એને સીધા માર્ગે દોરી જશે. સાવિત્રીમાં શ્રી અરવિન્દ કહે છે કે ''જ્યાં ભગવાન જ ભોમિયો હોય ત્યાં ભૂલા પડવાની ભીતિ કેવી રીતે હોઈ શકે ?'' શંકાનાં વાદળોને પૂર્ણ શ્રદ્ધાના સૂર્યથી વિખેરી નાંખીને યોગમાર્ગે આગળ વધવું જોઈએ.

આ ઉપરાંત ભય અને સલામતીની લાગણી પણ ઘણી વખત સાધકના મનમાં ઉદ્‌ભવતી રહે છે, ''આ તો અજાણ્યો માર્ગ છે, આગળ શું થશે ? અંધકારમાં સરી પડાશે કે વિરોધી શક્તિઓ હુમલો કરશે તો ! કંઈ સમજ નહીં પડે ને અવળું પગલું ભરાઈ જશે તો !'' વગેરે - વગેરે પ્રકારનો ભય પણ સાધકને સતાવતો રહે છે. શ્રી માતાજી ભયને સહુથી ખતરનાક અશુદ્ધિ કહે છે. તેઓ કહે છે કે યોગ કરનાર સાધકે પોતાની ચેતનામાંથી ભયના પડછાયાને પણ દૂર કરી દેવો જોઈએ. યોગ અને ભય સાથે સાથે ચાલી શકે નહીં. યોગમાર્ગના સાધકે

પોતાની ચેતનામાંથી ભયને સંપૂર્ણ પણે ખંખેરી નાંખવો જોઈએ.'' આ ભય કેવી રીતે આવે છે?''

સાધકોએ પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, ''ભય એ નાડીતંત્ર અને પ્રાણની નિર્બળતામાંથી આવે છે. સાધના કરતી વખતે ઘણી વખત એવું પણ બને કે ધ્યાન વખતે શ્વાસ ધીમા થઈ જાય અથવા બંધ પડી જતા હોય તેવું લાગે તો તે વખતે સાધકે ભયભીત થઈને ગભરાઈ જવું ન જોઈએ.'' એ વખતે જો તે ગભરાઈ જાય તો તેની આંતરિક સમતુલા તૂટી જતાં તેને ઘણું જ નુકસાન થઈ શકે છે. આથી જ શ્રી માતાજી કહે છે કે, ''જો તમને એટલો બધો ડર લાગતો હોય તો તમે યોગમાર્ગમાં પ્રવેશ કરશો નહીં. કદાચ તમારું સૌથી ખરાબ બને, કદાચ તમે મરી જાઓ. તમે મરી જાઓ તો એવું તે ક્યું મોટું નુકસાન થઈ જવાનું છે? તમારામાં હિમ્મત ન હોય તો તમે યોગ છોડી દો. તમારો ભય જ તમારા માટે અકસ્માત લાવશે.'' ભય એટલે ગુપ્ત સંમતિ. એટલે કે માણસ જેનાથી ડરે છે તેની હાજરીનો એ સ્વીકાર કરે છે, એ રીતે વિરોધી શક્તિઓને તે મજબૂત બનાવે છે.

અશરીરી તત્ત્વોનો ભય:

સાધનામાં ઘણી વખત અશરીરી તત્ત્વોનો પણ સંપર્ક થતો હોય છે. છાયામય શરીરો, સૂક્ષ્મ શરીરો, ભૂત-પ્રેતના આકારો - વગેરે જોતાં માણસ ભયભીત થઈ જાય છે. એ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે, ''લોકો શરીરનો ત્યાગ કરે, અને પછી તમારી સમક્ષ પ્રગટ થાય, ત્યારે તમારે એનાથી બિલકુલ ડરવું નહીં, કેમ કે તેઓ બેચેન હોય છે. તેમનામાં શાંતિનો અભાવ હોય છે. તમે તેમને એક સુંદર વિચાર આપો. તેમને શાંતિ પ્રાપ્ત થાય એવી ઈચ્છા વ્યક્ત કરો તો તેમનું બધું જ અટકી જાય.'' અશરીરી તત્ત્વોનો જો ભય લાગે તો તેઓ માણસને હેરાન કરે, પણ જો માણસ વિક્ષુબ્ધ થયા વગર પોતાની શાંતિનાં આંદોલનો તેને આપે, તો તેઓ શાંત થઈ જાય અને ઘણી વખત તો તેઓનો ઉદ્ધાર પણ થઈ જાય છે. પછી તેઓ બિલકુલ કનડગત કરી શકતાં નથી.

ભયજનક સ્થિતિમાંથી કેવી રીતે મુક્ત થવું?

આ સ્થિતિમાંથી મુક્ત થવાનો માર્ગ એક જ છે, કે તેનો શાંતિપૂર્વક સામનો કરવો. શ્રી માતાજી કહે છે કે કોઈપણ વસ્તુનો ડર રાખવાની જરૂર નથી, કેમ કે

બધું જ પ્રભુ છે, એ સિવાય બીજું કંઈ જ નથી. જે કંઈ વસ્તુ આપણને ડરાવે છે, તે પ્રભુનો મૂર્ખ, અર્થહીન બુરખો છે.'' બુરખામાં છુપાયેલા ભગવાનને જ જોવામાં આવે તો પછી વિશ્વમાં કોઈપણ વસ્તુ એવી નથી કે જે માણસને ભયભીત કરી શકે.

યોગમાર્ગમાં આવતા વિષાદના હુમલાઓ :

ઘણી વાર સાધક પર વિષાદના હુમલાઓ પણ થતા હોય છે. તે વખતે તેને બધું જ નિરર્થક લાગવા માંડે છે. ત્યારે તે એવું માનવા લાગે છે કે તેણે સાધનામાં કંઈ જ પ્રગતિ કરી નથી. તે સાધનાને પાત્ર નથી. શ્રી માતાજી વિષાદને યોગસાધનાનો સહુથી મોટો શત્રુ ગણાવે છે. વિષાદ અને નિરાશાને તેઓ રાક્ષસરૂપ ગણાવે છે. તેને ઊગતા જ હણી નાંખવા જોઈએ, તેમ તેઓ કહે છે. વિષાદ શારીરિક માંદગી કરતાં પણ ભયંકર છે. જેમ માણસ રોગમાંથી તાત્કાલિક સાજા થવા માટે પ્રયત્ન કરે છે, તેમ તેણે વિષાદમાંથી પણ મુક્ત થવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ જ્યારે માણસ વિષાદમાં સરી પડ્યો હોય ત્યારે તેને કોઈ જ પ્રયત્ન કરવાનું સૂઝતું નથી.

વિષાદના સમયે શું કરવું જોઈએ ?

વિષાદ વખતે મનુષ્યે વર્તન કેવું રાખવું જોઈએ એ અંગે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે, ''વિષાદ દરમિયાન કોઈપણ નવો નિર્ણય લઈ શકાય નહીં, પણ રોજિંદા ક્રમ પ્રમાણે કાર્ય કરતાં રહેવું. સ્થિર અને સ્વસ્થ રહેવું..... જ્યારે તમને એમ લાગે કે વિષાદ તમારા પર ચઢી રહ્યો છે, ત્યારે તમારી જાતને કહેજો કે હું અહંકારની બીમારી ભોગવી રહ્યો છું. આમાંથી મારે સાજા થઈ જ જવું જોઈએ.'' વિષાદ વખતે બને તેટલા શાંત અને સ્વસ્થ રહીને દૈનિક કાર્યો ચાલુ જ રાખવા જોઈએ, નહીંતર વિષાદ અવળે માર્ગે પણ દોરી જઈ શકે છે. સાધનામાં આવતા આવા વિષાદના ગાળાઓને શ્રી અરવિન્દ આધ્યાત્મિક રાત્રિઓ કહે છે. તેઓ કહે છે : ''સાધનામાં આવા અંધકારના ગાળાઓ અનિવાર્ય છે. ચૈત્યાનંદ પછી મનોમય અને પ્રાણમય પ્રત્યાઘાતો આવતાં તમસમાં પાછા સરી પડાય છે, એટલે સ્થિર રહેવું.'' વિષાદમાંથી ઝડપથી મુક્ત થવા માટે તીવ્ર અભીપ્સા અને એકાગ્રતા જરૂરી છે. અંધકારના આ વાદળો પાછળ ઝળહળતો સૂર્ય રહેલો જ છે, એવી અડગ શ્રદ્ધા વિષાદ અને તમસમાંથી સાધકને જલ્દીથી બહાર કાઢે છે તથા સાધનાના માર્ગે ખૂબ ઝડપથી આગળ લઈ જાય છે.

માતૃવાણી

- શ્રી માતાજી

જીવનશાસ્ત્ર

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૬૭-૭૨)

સ્વપ્નાને સમજો

પ્રકરણ - ૬

૧ આપણે એમ માનતા હોઈએ છીએ કે જ્યારે શરીર ઊંઘે છે, ત્યારે આપણી આખીએ ચેતના ઊંઘી જાય છે. પૃ. ૬૭

૨ ઊંઘમાં જ માણસો પોતાની ખરી પ્રકૃતિ પ્રગટ કરે છે. પૃ. ૬૭

૩ જે બધી કામનાઓને..... દબાવી દેવામાં આવી હોય છે તે સંકલ્પશક્તિ નિદ્રાધીન (હોવાથી)..... પોતાને સફળ કરવા માટે પ્રયત્ન કરવાની તક લે છે.

૪ મન એવાં વ્યક્તિરૂપો ઘડી શકે છે કે જે ઓછાવત્તા પ્રમાણમાં સ્વતંત્ર જીવન ધરાવતાં હોય છે. પૃ. ૬૮

૫ કામનાઓના બીજનો તમારામાંથી નાશ ન કરો..... માત્ર પ્રગટ થતું અટકાવો..... તો તે અવચેતનમાં જઈને દબાઈ રહે છે..... (અને) જેટલા લાંબા સમયથી દબાવી રાખવામાં આવી હતી, તે તેથીયે વધુ જોરથી નીચેથી ઉછાળો મારીને તેમના ઉપર હલ્લો કરે છે. પૃ. ૬૮

૬ આ રીતે સ્વપ્નો ઘણાં જ ઉપયોગનાં છે, કારણ કે એમાં દમનની ક્રિયા હોતી નથી તેમ જ સચેતન સંકલ્પશક્તિ પણ કામ કરતી હોતી નથી, ત્યારે નીચે દબાવી રાખેલી કામના કૂદકો મારીને બહાર આવે છે અને પોતાને સ્વપ્નોનાં રૂપમાં વ્યક્ત કરે છે..... તમે તમારી પોતાની પ્રકૃતિ વિષે ઘણી બધી વસ્તુઓ જાણતા થાઓ છો.પૃ. ૬૯

૭ આ રીતે રાત્રિના થોડા કલાકોમાં દિવસ દરમિયાન..... કરેલા પ્રયત્નોનું ફળ નાશ પામી શકે છે. પૃ. ૬૯

૮ નિદ્રાની ગહનતાના પ્રમાણમાં જુદા જુદા પ્રકારનાં સ્વપ્નો આવી શકે છે.પૃ. ૬૮

૯ આપણા અવચેતન ભાગમાં વધારે જ્ઞાન હોય છે. પૃ. ૬૯

૧૦ ચેતનાની સીડીમાં, વચમાં વચમાં ખાલી ગાળા હોય છે. આપણે આપણી ચેતનામાં ઘણાં બધાં પગથિયાંનું સર્જન કરવાનું હોય છે. પૃ.૭૦

૧૧ મારું શરીર..... ગાઢ નિદ્રામાં પડ્યું રહેતું, પણ ચેતનાની ગતિમાં કોઈ પણ વિશ્રામ આવતો ન હતો. પૃ.૭૧

૧૨ તમે જાગો ત્યારે જરા પણ હિલચાલ ન કરશો..... નહિ તો બધું અદૃશ્ય થઈ જશે.પૃ.૭૧

૧૩ સચ્ચિદાનંદની ચેતનામાં પ્રવેશ કરો, તો..... ત્રણ મિનિટમાં આઠ કલાકની ઊંઘ કરતાં પણ વધુ આરામ મળી રહે છે.

૧૪ પ્રાણમય શરીર, સ્થૂળ શરીરની આસપાસ એક આવરણરૂપે આવેલું છે. પૃ.૭૨

માતાજી પુરાતન યુગનું જ્ઞાન (Words of long ago)માંથી સ્વપ્ના વિષે વાંચે છે :

જે જે કામનાઓનો જાગૃત અવસ્થામાં નિકાલ કર્યા વગર દબાવી દેવામાં આવી હોય તે, ઊંઘ દરમિયાન જ્યારે આપણી સંકલ્પશક્તિનો કાબૂ પણ બંધ પડી ગએલ હોય છે, ત્યારે પ્રગટ થવાની તક ઝડપી લે છે અને આપણામાં પોતાની અભિવ્યક્તિનાં અનુકૂળ સંજોગો (સ્વપ્નો) નિર્માણ કરી તેની દ્વારા પ્રગટ થાય છે.

આપણા જિંદગીનો ત્રીજો ભાગ આપણે ઊંઘમાં પસાર કરીએ છીએ (આઠ કલાક) આપણી એવી છાપ છે કે ઊંઘ દરમિયાન આપણું આખુંએ સ્વરૂપ ઊંઘી જાય છે, પણ તે વાત ખોટી છે.

માણસની બે પ્રકારની પ્રકૃતિ હોય છે - વ્યક્ત અને અવ્યક્ત. અવ્યક્ત પ્રકૃતિના પાછા બે વિભાગો પડે છે. ગહન દિવ્ય-પ્રકૃતિ અને અતૃપ્ત ઈચ્છા, કામનાઓની બનેલી સામાન્ય પ્રકૃતિ, જે અવચેતન તરીકે રહેલી છે. સાધનાથી આપણી અવ્યક્ત દિવ્ય-પ્રકૃતિ વ્યક્ત થવા માંડે છે. સ્વપ્નામાં અવચેતન વ્યક્ત થાય છે. તે જ અવચેતન સાધનામાં જાગૃત અવસ્થામાં અવરોધો તરીકે, અદિવ્ય તત્ત્વનાં હુમલાઓ તરીકે અનુભવાય છે. મનમાં, ચિત્તમાં સ્વપ્ન સૃષ્ટિ રચવાની ક્ષમતા છે તેનું કારણ એ છે કે આપણા મનમાં મનોમય, પ્રાણમય રૂપો રચવાની ક્ષમતા છે. તે રૂપો મનથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં તે પછી થઈ જાય છે. કામના, ઈચ્છાની અંદર મનોમય વિચારનો

આધાર હોય છે તે જ કામનાઓને સ્વપ્ન રચવાની ક્ષમતા આપે છે તેમ જ પ્રાણની શક્તિ તેમાં કાર્ય કરવાની ક્ષમતા આપે છે. આમ, મન પ્રાણની ક્ષમતાનો સંયોગ કામનાઓને વધારે શક્તિશાળી કરી મૂકે છે.

કુદરતનો નિયમ છે જે વસ્તુ અભિવ્યક્ત થઈ શકતી નથી તે પોતાની જીવન-શક્તિ ગુમાવીને નાશ પામે છે. આ સિદ્ધાંત ઉપર જ સંયમ અને નિગ્રહની સાધના પદ્ધતિનો પાયો છે. સંયમ અને નિગ્રહથી વિકારોને વ્યક્ત થતાં અટકાવી દેવામાં આવે તો તે ધીમે ધીમે નાશ પામવાના જ છે.

પણ આ જ સિદ્ધાંતોનો બીજો ઉપનિયમ છે કે જો કોઈ વસ્તુને વ્યક્ત થવામાં અવરોધો નિર્માણ થાય, તો તે વસ્તુ પોતાને બચાવવા ઉગ્રતાથી, પરાણે, બળજબરીથી વ્યક્ત થવા શક્ય એટલા બધા ઉપાયો કરે છે. તે માટે જાગૃત મન તેને પકડી ન પાડે માટે પોતાનું બાહ્ય સ્વરૂપ બદલીને નવા સ્વરૂપે વ્યક્ત થાય છે અથવા અવચેતનમાં સંતાઈને પોતે નાશ પામી છે એવી જાગૃત મનમાં ભ્રમણા પેદા કરી તેની ગાફેલ અવસ્થામાં પ્રગટ થાય છે. સ્વપ્ન આ બીજા પ્રકારમાંની અભિવ્યક્તિની પદ્ધતિ છે.

અવચેતનમાંનું તેનું બીજ નાશ ન પામે ત્યાં સુધી કામનાઓ નાશ પામતી નથી.

તેથી જ સ્વપ્ન બાબત વધારે જાણકારી લેવી હિતાવહ છે. આપણે આઠ કલાક ઊંઘીએ છીએ પણ આઠે કલાકની ઊંઘ સમાન રીતે ગાઢ હોતી નથી. અમુક સમય જ સ્વપ્ના વગરની ગાઢ નિદ્રા હોય છે. બાકીનાં સમયમાં સ્વપ્નાઓ આવતાં હોય છે પણ આપણને યાદ રહેતાં નથી. ભાગ્યે જ કોઈક સ્વપ્ન યાદ રહે છે.

માતાજી આગળ વાંચે છે :

''આપણી સામાન્ય ચેતના કરતાં આપણા અવચેતન ભાગમાં વધારે જ્ઞાન હોય છે.

મૂળ તો જ્ઞાન પરાચેતનામાં હોય છે. તે પણ અવ્યક્ત રહેવાથી આપણે તેને પણ અવચેતનનો ભાગ ગણી લઈએ છીએ. ખરેખર તે અવચેતનનો ભાગ નથી. પરાચેતના ઊર્ધ્વમાં અને અવચેતન અને અચેતનના પણ નીચે આધાર તરીકે રહેલી છે. આપણે જો રાત્રે કોઈ પ્રશ્ન ઊંઘતાં પહેલાં રજૂ કરી પછી ઊંઘી જઈએ તો સવારે તેનો જવાબ આપણને મળી ગએલો હોય છે. આ જવાબ પરાચેતનાએ આપેલો હોય છે. અવચેતનમાંનો જૂના સંસ્કારોનો ભરાવો હોય છે, તેથી તેનો જવાબ સાચો ન પણ હોઈ શકે. તે ફક્ત જૂની સ્મૃતિને અનુરૂપ હોય છે.

જ્યારે ઊંઘ દરમિયાન પરા-ચેતના સાથે સંપર્ક થાય છે ત્યારે આપણને કોઈ પ્રકાશપૂર્ણ ધામમાં, પ્રદેશમાં પહોંચ્યા હોઈએ એવા સંવેદનો જરૂર થાય છે, પણ તેની યાદી રહેતી નથી; કારણ ચેતનાના ઉત્તરોત્તર અનેક સ્તરો છે અને દરેક બે સ્તર વચ્ચે એક

અચેતનાનો પટ્ટો આવેલો હોય છે, તેથી એક સ્તરનો અનુભવ બીજા સ્તરમાં પ્રવેશતાં જ ભૂલાઈ જાય છે.

કુદરતે આ અચેતનના પટ્ટા નિર્માણ કરી રાખ્યાં છે, તેના નીચેનાં બે કારણો છે :

૧ ઊર્ધ્વ ચેતનાનું ન ખમી શકાય એવું દબાણ શારીરિક-ચેતના ઉપર પડીને તે ચગદાઈ ન જાય અથવા તેના પ્રભાવથી તેની સમતુલા ખોરવાઈ ન જાય માટે.

૨ પરા-ચેતનાની અસીમ શક્તિઓને શારીરિક ચેતના સુધી પહોંચતા પહેલાં મંદ અને સુસહ્ય કરવા આ અચેતનના પટ્ટા ગળણાંરૂપ અથવા ટ્રાન્સફોર્મર રૂપ બની જાય છે.

આ અવચેતનનાં પટ્ટાનો નાશ કરીને બધાં સ્તરોને સાંધીને અખંડ ચેતના કરી શકાય છે પણ તે માટે જરૂરી ગૂઢ જ્ઞાન, ખંત અને સતત અભ્યાસની જરૂર છે.

''માતાજી, સ્વપ્નોની નોંધ રાખવી સારી છે ?''

''હા, જો તેની દ્વારા તમે પોતાની ચેતના કેવી રીતે કાર્ય કરે છે તે જોવા સમજવા માંગતા હો તો.'' માતાજીએ પોતે નોંધો રાખેલી અને નિદ્રાને સભાન નિદ્રા કરવાનો પ્રયત્ન કરેલો જેમાં તેઓ લગભગ વર્ષ પછી યશસ્વી થએલાં.

ઊંઘમાંથી ઊઠ્યા પછી જરા પણ હિલચાલ વગર સૂતા રહેશો, મનને શાંત અને સભાન રાખશો તો સ્વપ્નાં ફરી યાદ આવવાની પ્રક્રિયા સહેલી રીતે પતી જાય છે.

''માતાજી, સ્થૂળ શરીર અને મગજને પોતાના સ્વતંત્ર આરામની જરૂર છે ?''

''હા, એને જ ખાસ જરૂર છે. તમે જો નીરવ મન અને પ્રાણને એક કરી ઉપરથી આવતા પ્રકાશને શાંતિથી ધારણ કરતા શીખવી શકશો તો શરીરનો તથા મગજનો થાક તરત ઉતરવા માંડે છે. તેને ઓછી ઊંઘમાં વધારે આરામ અને ઊર્જા મળે છે. માતાજી કહે છે, ત્રણ મિનિટમાં આઠ કલાકની ઊંઘ જેટલી શક્તિ તેમાંથી મળે છે.

''માતાજી, પ્રાણમય શરીરને પણ આરામની જરૂર છે ?''

''હા, તેને પણ જરૂર છે. પ્રાણમય શરીર આપણા સ્થૂળ-શરીરના ફરતેનું આવરણસ્વરૂપે છે. તેની ઘનતા ખૂબ જ ઓછી હોય છે. સખત તાપનાં દિવસોમાં ભરબપોરે જે લૂની પારદર્શક લહેરો દેખાય છે તેવું તે દેખાય છે. ભૌતિક શરીરનું સંરક્ષણ તે પ્રાણમય શરીર જ કરતું હોય છે. તે ભૌતિક શરીર અને સૂક્ષ્મશરીરને જોડનાર મધ્યવર્તી ભાગ છે. તેમાં થાક, આઘાત, ક્ષોભથી તિરાડો પડી જાય છે. તે તિરાડો મારફત રોગ, અવરોધી તત્ત્વો આપણામાં પ્રવેશી જાય છે. યોગી આવી તિરાડો બૂરીને પોતાનું સંરક્ષણ કવચ અખંડ અને બળવાન કરી શકે છે. તમારા નબળાં કેન્દ્રોને તમે જાણ્યાં હશે તો સંકલ્પબળથી ત્યાં પ્રાણ-શક્તિને મોકલી તમે છીંડાં પૂરી શકો છો.

પ્રાણમય શરીરને શક્તિથી ભરપૂર રાખવું જરૂરી છે.''

માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૨૦)

તર્ક - બુદ્ધિનું કાર્ય

શ્રી અરવિન્દે ધર્મનો એક અર્થ તર્કાતીત પરમતત્ત્વની શોધ કરવાનો છે તેમ સમજાવ્યું છે. નરી બુદ્ધિની મદદથી તેને મેળવી શકાય નહીં. પરમતત્ત્વ, જેને આપણે ઈશ્વર કહીએ છીએ, તે સામાન્ય તર્કબુદ્ધિની પહોંચની બહાર છે. આ પરમતત્ત્વનું એક સ્વરૂપ ''સૌંદર્ય''નું બનેલું છે. આથી જીવનના ખરા સૌંદર્યની શોધ પણ તર્કાતીત છે, તેમ શ્રી અરવિન્દ જણાવે છે.

સામાન્ય રીતે સૌંદર્યની શોધ સાહિત્ય, કલા, સંગીત, ચિત્ર-કલા, શિલ્પ-કલા, ગૃહનિર્માણ, ગૃહ-સજાવટ, ઈત્યાદિ ક્ષેત્રે કરવામાં આવતી હોય છે. જ્યારે મનુષ્યના જીવનમાં સૌંદર્યમૂલક તત્ત્વોનો સંપૂર્ણ વિસ્તાર થઈ જાય છે, ત્યારે તેનું જીવન સૌંદર્યમય કે ઈશ્વરમય બની જાય છે. જીવનનો કોઈપણ હિસ્સો સૌંદર્યવિહીન રહી જતો નથી.

શ્રી અરવિન્દ સૌંદર્યતત્ત્વનું ઉદ્‌ભવ-સ્થાન માનવજીવનના મૂળમાં હોવાનું જણાવે છે. અર્થાત્, તે સહજવૃત્તિ કે મૂળવૃત્તિમાંથી જન્મે છે. શ્રી અરવિન્દે એ બાબત તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે કે શરૂઆતમાં આ સહજવૃત્તિ ખુદ મનુષ્યના નિમ્ન અથવા અર્ધબૌદ્ધિક ભાગોમાંથી ઉત્પન્ન થતી હોવાથી સહજવૃત્તિ પ્રેરિત કલા, સાહિત્ય, ઈત્યાદિ પૂર્ણ સૌંદર્યને પ્રગટ કરી શકતા નથી. આવી કલાના સર્જનનું મૂલ્યાંકન કે વિવેચન પણ અપૂર્ણતાઓ ધરાવે છે, તેમ શ્રી અરવિન્દ જણાવે છે. આમ છતાં, શ્રી અરવિન્દ એમ પણ સમજાવે છે કે સહજવૃત્તિ પ્રેરિત કલા-સર્જનોનો સંપર્ક મનુષ્યની અંદર સૌંદયાત્મક ચેતનાને અવશ્ય જન્મ આપે છે.

શ્રી અરવિન્દે સૌંદર્ય અને કલાના વિષયમાં તર્કબુદ્ધિની મર્યાદાને સુરેખપણે આંકી બતાવી છે. તેમાં સમજાવે છે કે સહજવૃત્તિમાંથી જન્મેલા કલા-સર્જનો જ્યારે તર્કબુદ્ધિથી દોરવાય છે, ત્યારે તેના સૌંદર્યતત્ત્વનો વિસ્તાર સીમિત બની જાય છે.

મહાન અને શક્તિશાળી સૌંદર્ય - સર્જનો હંમેશા તર્કબુદ્ધિને પાછળ રાખીને આગળ નીકળી જાય છે. શ્રી અરવિન્દે એમ સ્પષ્ટ કર્યું છે કે આપણી અંદર રહેલી બુદ્ધિ કે તર્કશક્તિ સ્વયં કવિ, કલાકાર કે સર્જક નથી. સર્જનનું કાર્ય તર્કાતીત પ્રકાશ દ્વારા દોરવાઈને આગળ વધે છે. તર્કાતીત પ્રકાશને મનુષ્યની આંતરદૃષ્ટિ તથા પ્રેરણા સાથે સંબંધ છે, નહીં કે સ્થૂળ તર્કબુદ્ધિ સાથે. આંતરદૃષ્ટિના પ્રકાશ દ્વારા પ્રદર્શિત માર્ગ પર આગળ વધતાં સર્જનકાર્ય દ્વારા જ શ્રેષ્ઠ અને અદ્ભુત કલા - સર્જનો શક્ય બને છે. શ્રી અરવિન્દે સમજાવ્યું છે કે કલાકારો અથવા સર્જકો જ્યાં સુધી તર્ક-બુદ્ધિનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે ત્યાં સુધી તેમનાં સર્જનોમાંથી પરમતત્ત્વનું સૌંદર્ય પ્રગટી શકતું નથી.

શ્રી અરવિન્દે આગળ ચાલતાં આપણને સમજાવ્યું છે કે કલાકાર તેની બુદ્ધિ કે તર્કશક્તિની મદદથી તેના ''કૌશલ્ય''નો વિકાસ કરી શકે છે, પરંતુ કૌશલ્ય એટલે કલા એમ માની લેવું યથાર્થ નથી. શ્રી અરવિન્દ કહે છે કે સાચી સર્જનશક્તિ હંમેશા તર્કાતીત સૌંદર્યને શોધે છે, માત્ર કુશળતાના બનેલા સ્થૂળ સૌંદર્યને નહીં. કુશળતાની મદદથી મનુષ્ય ''નિર્માતા' બની શકે, સર્જક નહીં, તેમ શ્રી અરવિન્દે સ્પષ્ટ કરી બતાવ્યું છે. કલાકૃતિના નિર્માણ સ્વરૂપની સફળતા માત્ર બાહ્યસ્વરૂપની સફળતા છે. આવી સફળતા કલા સર્જનમાં રહેલા પરમ સૌંદર્યને બહાર લાવી શકે નહીં, તેમ શ્રી અરવિન્દ જણાવે છે.

શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે એક સાચી અને મહાન કલા વૈશ્વિક સત્યને અભિવ્યક્ત કરે છે. સૌંદર્યનું મૂલતત્ત્વ વિશ્વના કોઈ પણ ભાગમાં એક જ હોય છે, પછી ભલે તે વિવિધ સ્વરૂપો દ્વારા વ્યક્ત થતું હોય. આ વૈશ્વિક સત્યની ઓળખ અને તેમાંથી મળતા પરમઆનંદની પ્રાપ્તિ બૌદ્ધિક વિવેચનો કે આલોચનો દ્વારા નહીં, પરંતુ માત્ર આંતરદૃષ્ટિ દ્વારા જ થઈ શકે તેમ શ્રી અરવિન્દે સ્પષ્ટ કરી બતાવ્યું છે.

અનેક કિસ્સાઓમાં કલાકારો વિવેચકોથી દોરવાઈને પોતાના સર્જનોને સુધારવા કે મઠારવા પ્રયાસ કરતા હોય છે, પરંતુ બૌદ્ધિક વિવચેનોથી પ્રેરાઈને કરવામાં આવતું આ કાર્ય માત્ર મર્યાદિત અને બાહ્ય સવરૂપે જોવા મળતી સફળતા બક્ષે છે. કલા-સર્જનોમાં સૌંદર્યતત્ત્વનું પ્રગટીકરણ એ બૌદ્ધિક વ્યાયામનો વિષય નથી, તેમ શ્રી અરવિન્દ જણાવે છે.અલબત્ત, શ્રી અરવિન્દ કહે છે તેમ મૂલ્યાંકન

થઈ શકે, તેનું રસદર્શન કરાવી શકાય. પરંતુ કલાસર્જનની પૂર્ણતા ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે કલાકાર તાર્કિકતાની મદદથી દોરવામાં આવેલી સીમાઓને પાર કરી શકવા સમર્થ બને. કલાસર્જનોમાં છુપાયેલા કલા-સર્જનના 'નિયમો'ની મદદથી થતું નથી. કલાસર્જનની પૂર્ણતા તર્કાતીત શક્તિની મદદથી પ્રાપ્ત થઈ શકે, અન્યથા નહીં; તેમ શ્રી અરવિન્દે સમજાવ્યું છે.

શ્રી અરવિન્દ છેવટે એમ કહેવા માંગે છે કે સૌંદર્ય તત્ત્વની શોધ એટલે દિવ્યતાની શોધ, ભાગવત્ સત્તાની શોધ કે ઈશ્વરતત્ત્વની શોધ છે. શરૂઆતમાં તર્કબુદ્ધિથી પ્રેરાઈને 'સ્વરૂપ'ના સત્ય સુધી પહોંચી શકાય છે. આથી મનુષ્યની ભૌતિક ઇન્દ્રિયો અને પ્રાણિક ઇચ્છાઓને સંતોષી શકાય, પરંતુ આગળ ચાલતાં સૌંદર્યની શોધ પરમતત્ત્વ કે ભાગવત્ સત્તાની શોધ બની જાય છે. આવા સૌંદર્યની પ્રાપ્તિ મનુષ્ય-જીવન, તેની પ્રકૃતિ તથા વિચારને 'સર્વ-સુંદર' બનાવી દે છે. આ સૌંદર્ય સર્વવ્યાપી હોય છે. આથી જગતનાં સર્વે રૂપો અને કાર્યોમાં સ્થિત પરમસત્તા સાથે એકરૂપ બની શકાય છે, આવી અનુભૂતિ છે.

(પૃ.૧૯ ઉપરથી)

સાવિત્રી

આવિર્ભાવ હતો. પ્રજ્ઞાની બે ક્ષમતા છે શ્રુતિ એટલે સાંભળવાની. પ્રજ્ઞા પરાવાણી સાંભળી શકે છે. બીજી ક્ષમતા એટલે દર્શન અથવા 'દૃષ્ટિ'. તેમાં દર્શન-ક્ષમતા પ્રગટ થાય છે. પશ્યંતિ-ભાષા જોવાની ક્ષમતા તેમાં છે. આ બધું પ્રજ્ઞાનું જ કાર્ય છે

આ પ્રજ્ઞાએ આ રીતે એક આંદોલનોની હારમાળા જ સર્જી. અક્ષરોની, વર્ણોની હારમાળા જ સર્જી અને તેઓ પ્રભુના અનંત સંકલ્પો (Ideas)ની અભિવ્યક્તિ સ્વરૂપ બની ગયાં. તેઓ જ જગત રચનાની ઈંટો સ્વરૂપ છે. (that made the world) અને સંકલ્પો અંતે અચિત્‌થી ઘેરાએલા એવી અંધકારમય પૃથ્વીમાં (black earth) સમાઈ ગયાં, વવાઈ ગયાં. જ્યારે કુદરત તો હજી પોતે જાણે અચિત્‌ના આવરણ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં પોઢેલી હતી અર્થાત્ હજી તે સક્રિય બની જ નહોતી.

પ્રજ્ઞાનાં આ ગૂઢ કાર્યને શ્રી અરવિન્દ એક આર્ષ-દૃષ્ટા તરીકે કેટલા ખૂબીથી અને સ્પષ્ટ રીતે વર્ણવે છે એ પણ એક મહાન - વાંગ્મયિન ચમત્કાર જ લેખાય !

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રજ્ઞાનું ગૂઢ-કાર્ય

પ્રકરણ - ૧૦૨

(Savitri B-1, C-3, P - 40)

A long a naked curve in bourneless self
The points that run throught the closed heart of things
Shadowed the indeterminable line
That carries the Everlasting through the years.

પ્રજ્ઞા સીમારહિત (bourneless) ચેતનામાં ચાતરેલી પ્રતિભાની પેલી વક્રાકાર કેડીનો પણ ઉપયોગ કરે છે. તે માર્ગેથી તે હજી સુધી અવ્યક્ત રહેલી પેલી અસીમ-ચેતનાનાં હૃદય-પ્રદેશમાં પ્રવેશી જાય છે અને અવ્યક્તની સીમાઓને થોડા કાળ માટે જાણે ઢાંકી રાખે છે ! તે રેખાઓ જ પોતાની મર્યાદામાં રહીને કાળાતીત સનાતન તત્ત્વને પેલા કાળનાં વર્ષો દ્વારા પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે અર્થાત્ પેલી સનાતન-ચેતાના જાણે નવેસરથી ધીમે ધીમે ઉત્ક્રાંત થઈને વિકસી રહી છે એવું દૃશ્ય ખડું કરે છે. ખરેખર તો તે ચેતના જેવી છે તેવી જ હંમેશ માટે રહેલી છે. તે આ દૃષ્ટિએ જ અચલ છે. અચલનો અર્થ નિષ્ક્રિય નહિ પણ જેને ઉત્ક્રાંત થવાની જ જરૂર નથી, જે પહેલેથી જ સર્વાગપૂર્ણ જ છે એવી ચેતના.

The magician order of the cosmic Mind
Coercing the freedom of infinity
With the stark array of Natures symbol facts
And life's incessant signals of events,
Transmuted chance recurrences into laws
A chaos of signs into a universe.

પ્રજ્ઞાની અવ્યક્ત ને વ્યક્ત થવાની પ્રક્રિયામાં મૂકી દેવાની ક્ષમતા જ જગતના આવિર્ભાવનું બીજ સમાન છે. આ પ્રજ્ઞાની ક્ષમતાનો ઉપયોગ થઈને જ વૈશ્વિક મનની (cosmic-mind) રચના થઈ. તેનું આશ્ચર્યકારક બંધારણ રચાયું. તે બંધારણરૂપી જાળીમાંથી જ જાણે પેલી અસીમ ચેતનાને વિશિષ્ટ આકાર લઈને જગતમાં પ્રવેશવાની ગોઠવણ કરવામાં આવી ! તે બંધારણ અને તે આયોજન ખરેખર તો પરમ-ચેતનાની પોતે નિરાકાર અને પ્રશાંત રહેવાની મુક્ત સ્વભાવમાં જાણે અવરોધક પુરવાર થઈ રહ્યું હતું (coercing). અવરોધનાં કારણો એ હતાં કે કુદરતની લાક્ષણિકતા જેને માનવામાં આવે છે એવી વાસ્તવિકતાઓએ આ વસ્તુનો ફાયદો લઈ જાણે પરમ-ચેતના સામે પૂરેપૂરું આખરી યુદ્ધ ખેલી લેવાના હેતુથી (stark) બંકરો (array) પોતાના સંરક્ષણ માટે તૈયાર કરી લીધાં હતાં. કુદરત ખૂબ જ નિર્દય છે, અવિચારી છે, જડ છે, કઠોર છે; આવી સર્વસામાન્યના મગજમાં રહેલ કુદરતની છાપ હોય છે, ગેરસમજ હોય છે. તેનો ફાયદો આ આસુરી તત્ત્વો, જેમને કુદરતી માનવામાં આવે છે, તે લઈ રહ્યાં હતાં અને પરમ-ચેતનાનાં સાચા અને શુદ્ધ આવિર્ભાવમાં અવરોધ નાંખી રહ્યાં હતાં. સારાંશ, વૈશ્વિક મનના આયોજનને જ તેના આયોજનનાં હેતુ વિરોધી કાર્યો માટે જ વાપરી રહ્યાં હતાં. તે આસુરી તત્ત્વોને વધારામાં તેમને જ અનુસરનારા પ્રાણમય સત્ત્વોસ્વરૂપ રાક્ષસો મદદ કરી રહ્યાં હતાં. રાક્ષસો પ્રાણમય વિકારો અને આવેગોનો, અહંકારનાં આંદોલનોનાં (signals) એવા અસ્ખલિત અને અખંડ પ્રવાહ નિર્માણ કરી રહ્યાં હતાં (incessant) કે તેથી અપવાદ તરીકે નિર્માણ થતી પરિસ્થિતિ એ કુદરતી નિયમના રીતે જ થઈ રહી છે એવો ભ્રમ પેદા થઈ જાય. એ કુદરતનો સ્વભાવ છે એમ જ લાગે ! સમગ્ર વિશ્વમાં આ રીતે એક પ્રકારની અસ્તવ્યસ્તતા નિર્માણ થઈ હતી. પ્રભુના આયોજનમાં જાણે ગૂંચ પડી ગઈ હતી. આવી ગૂંચમાંથી જ પરમ-ચેતનાને પોતાનો આવિર્ભાવ કરવાનું ભગીરથ કાર્ય કરવાનું છે અને ચૈત્યપુરુષ તે માટે જ આવિર્ભાવ પામ્યો હતો. તે પ્રભુનો પ્રતિનિધિ હતો અને દિવ્ય યોદ્ધા પણ હતો.

Out of the rich wonders and the intricate whorls
Of the spirit's dance with Matter as its mask
The balance of the world's design grew clear,

Its symmetry of self-arranged effects
Managed in the deep perspectives of the soul,
And the realism of its illusive art,
Its logic of infinite intelligence,
Its magic of a changing eternity.

આવી નિરાશાજનક પરિસ્થિતિમાં પણ ઘણી વખત ખૂબ જ સૂચક (rich) અને આશાદાયક ચમત્કારો થઈ રહ્યાં હતાં. આ ચમત્કારો બહારથી તો જાણે ચૈતન્યનાં ડીંટિયાની આજુબાજુ વ્યવસ્થિત પણ સંકુલ રીતે પાંખડીઓનો આકાર લેતાં હતાં (Whorls). જેમાં મૂળ-ચેતના વિવિધ સ્વરૂપે બાહ્ય- પરિસ્થિતિનુસાર પ્રગટ થવા પ્રયત્ન કરી રહી હોય એમ લાગતું હતું. ખરેખર તો તે ચેતનાનું, પેલા શિવતત્ત્વનું જ નર્તન હતું. આવિર્ભાવ માટેનો જાણે સંઘર્ષ હતો. તે શિવતત્ત્વે ભૌતિક તત્ત્વનો બુરખો ઓઢીને આ તાંડવ-નૃત્યની શરૂઆત કરી હતી. શાસ્ત્રોમાં તાંડવ એ શિવના ત્રણ પ્રકારનાં નૃત્યોમાંનું એક નૃત્ય છે. અન્ય બે નૃત્ય એટલે લાસ્ય અને નાદાંત નૃત્ય. તાંડવ નૃત્ય ફક્ત શિવ જ કરે છે. તેમાં તેમને પાર્વતીરૂપી પ્રકૃતિનો જાણે સહકાર મળતો નથી. પ્રકૃતિના આઘાતોને જ તેનું 'તાડન' કહેવામાં આવે છે અને તે આઘાતો સામે ભગવાન શિવરૂપ ચૈત્યપુરુષ પણ પ્રત્યાઘાતો દર્શાવે છે. આવા ઉગ્ર અને જલદ પ્રત્યાઘાતો દર્શાવતા ચૈત્યપુરુષની અવસ્થા, એ જ તાંડવનૃત્ય છે.

બીજું, લાસ્યનૃત્ય. તેમાં ચૈત્યપુરુષ અને તેની દિવ્ય-પ્રકૃતિ બન્ને સંવાદ અને સમન્વયમાં નર્તન કરે છે. ચૈત્યપુરુષ દિવ્યપ્રકૃતિનાં ઘટકો દ્વારા પોતાના સ્વરૂપને વધારે વિકસાવે છે અને તેની સાથે સંવાદમાં રહી, તેને માધ્યમ અને કરણ બનાવી, પોતાનો વિકાસ સાધે છે. આ જ લાસ્ય-નૃત્ય છે. લાસ્ય એટલે વિલસતાં-વિલસતાં, સુશોભિત થઈને કરેલું નૃત્ય. ત્રીજું, નાદાંત નૃત્ય, લાસ્યનૃત્યમાં ચૈત્યપુરુષ અને પ્રકૃતિનો મનમેળ થાય છે પણ હજી એકરૂપતા સધાતી નથી. ચૈત્યપુરુષ પોતાની પ્રેરણારૂપી આંદોલનો દ્વારા (નાદ) પ્રકૃતિ ઉપર પ્રભાવ પાડી આવો મનમેળ સાધે છે. પણ જ્યારે પ્રકૃતિ પોતે જ દિવ્ય થઈને, રૂપાંતર પામીને, ચૈત્યપુરુષના નાદનો આધાર લીધા વગર સ્વ-પ્રેરણાથી જ તેને અનુસરી તેના જ અંશ રૂપ બની જાય છે, ત્યારે તેમની વચ્ચેનો ભેદ ધોવાઈ જાય છે. શિવ-પાર્વતી એકરૂપ થઈને જાણે 'અર્ધનારીનટેશ્વર' બની જાય છે ! આ રીતે ચૈત્યપુરુષને હવે સભાન રીતે પ્રયત્ન કરવાનો જ પ્રસંગ આવતો નથી. તેનો નાદ શમી જાય છે. તેનો અંત આવે છે, આ

જ નાદાંત નૃત્ય છે.

શ્રી અરવિન્દ આ નૃત્યોનો આછેરો ઉલ્લેખ કરીને આગળ વધી જાય છે. આ ત્રણે નૃત્યો એ ચૈત્યપુરુષની ઉત્તરોત્તર વિકસિત અવસ્થા-સ્વરૂપ છે. આ વિકાસની શરૂઆત થાય છે અને હવે તેને લીધે પ્રકૃતિનાં બાહ્ય સપાટી ઉપર થતાં પરિણામોની નોંધ શ્રી અરવિન્દ લે છે.

ઉપરના કારણે જે અંધાધૂંધી વ્યાપી ગઈ હતી તે હવે થાળે પડવાની શરૂઆત થાય છે. આસુરી અને રાક્ષસી તત્ત્વો તરફ ઢળી પડેલું વૈશ્વિક-મનનું આયોજન જાણે ફરી પોતાની સમતુલા સુધારે છે ! તે આયોજનમાં ગોઠવેલી તાલબદ્ધતા અને સુસંગતતા હવે પ્રગટ થવા લાગે છે. આ સુસંગતતા વૈશ્વિક-મને રચેલી હોવાથી તેને આત્માએ પોતે રચેલી (self-arranged) એમ શ્રી અરવિન્દ કહે છે. આ શબ્દના બે અર્થ લઈ શકાય.પોતે પરમ-ચેતનાએ જ રચેલી. પણ આ અર્થ જો હોત તો શ્રી અરવિન્દ selfનો આદ્યાક્ષર અચૂક કેપિટલ કરત. તેમણે તેમ કરેલ નથી, તેથી અહીં આપણે વૈશ્વિક-મને cosmic Mindએ રચેલ એવો અર્થ લઈએ છીએ. આ પહેલાં જ તેનો સ્પષ્ટ ઉલ્લેખ શ્રી અરવિન્દ આ જ પેજ ઉપર કરેલો છે (The magician order of the cosmic - Mind). આ વૈશ્વિક મન દિવ્ય છે એ ખાસ ધ્યાનમાં લેવાનું કારણ શ્રી અરવિન્દે ત્યાં Mindનો આદ્યાક્ષર કેપિટલ કરીને ઉલ્લેખ કરેલો છે.

વૈશ્વિક-મને આ આયોજન કેવી રીતે કરેલું છે તે સમજાવતા અહીં શ્રી અરવિન્દ લખે છે કે તેણે તે આયોજન ચૈત્યપુરુષના વિકાસને લક્ષમાં લઈને ખૂબ જ ઊંડો વિચાર કરીને (deep perspective) તે નિર્ણય ઊર્ધ્વ-પ્રેરણાનુસાર લીધેલ છે. પણ તે આયોજન એવું ગાઢ છે કે તે તેનું આંતરિક સત્ય પ્રગટ થતાં પહેલાં (Realism) ઘણા આભાસો રચે છે, ઘણી ભ્રમણાઓ નિર્માણ કરે છે અને તે પણ આસુરી અને રાક્ષસી-તત્ત્વોના સહકારથી ! તેમનો ઉપયોગ કરીને ! આવા આયોજનને અહીં "illusive art" તરીકે વર્ણવે છે. આવી ભ્રમ નિર્માણ કરતી કલા આપણા જેવા સામાન્ય માનવોને લાગે છે, કારણ આપણે તો બુદ્ધિનાં તર્ક-શાસ્ત્રને અનુસરીને તે ઘટનાને સમજવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ પણ વૈશ્વિક મન માનવી-બુદ્ધિના આવા તર્ક-શાસ્ત્રને અનુસરતું નથી. આ તર્ક-શાસ્ત્ર તો ફક્ત ભૌતિક કે માનસિક જગત માટે જ થોડુંઘણું ઉપયોગી થાય છે. ચૈતસિક જગતના

ખુલાસા મેળવવા તેની તાકાત બહારની વસ્તુ બની જાય છે. વૈશ્વિક મન તો પેલી અસીમ સમજણ-શક્તિ ધરાવતી (infinite intelligence) પ્રજ્ઞાના તર્કશાસ્ત્રને અનુસરે છે. પ્રજ્ઞાનું તર્કશાસ્ત્ર અલગ ક્ષમતા ધરાવે છે, કારણ તે અચલ અને સનાતન - ચેતનાને બદલાતી, વિકસતી ચેતના તરીકે (Changing eternity) રજૂ કરવાનો ચમત્કાર સર્જે છે. આ જ તો વૈશ્વિક મનની ગૂઢ ક્ષમતા છે. પ્રજ્ઞાની કમાલ છે ! "magic" છે.

A glimpse was caught of things forever unknown;
The letters stood out of the unmoving word.
In the immutable nameless Origin was seen emerging as from fathomless seas
The trail of the Ideas that made the world,
And sown in the black earth of Nature's trance.

પ્રજ્ઞાએ જે ચમત્કાર સર્જ્યો છે, તેમાં શું થયું તેનો જાણે ગૂઢ અહેવાલ અથવા ગૂઢ-પ્રક્રિયા શ્રી અરવિન્દ વર્ણવી રહ્યાં છે. પ્રજ્ઞાની મદદથી પ્રથમ વૈશ્વિક મન જે પરમ-ચેતના હજી સુધી અવ્યક્ત જ હતી, તેની થોડીક ઝાંખી કરી શક્યું. પરમ-ચેતનામાં જે અનંતરૂપે પ્રગટ થવાનો આદિ-સંકલ્પ સુપ્ત અવસ્થામાં હતો (unmoving word) તેમાં સળવળાટ થવા માંડ્યો અને તે અતળ ઊંડાણમાંથી (fathomless seas) અનેક નાદ સ્વરૂપ આંદોલનો નિર્માણ થવા લાગ્યાં. નાદે જ પછી કાયમી સ્વરૂપનાં (અક્ષર) આકારો ધારણ કર્યાં (immutable nameless Origin) તેથી આપણે તેને અક્ષર (letters) કહીએ છીએ. તે વિવિધ પ્રકાશરંગી હોવાથી તેને 'વર્ણ' પણ કહેવામાં આવે છે. વર્ણ એટલે રંગબેરંગી રંગ ધરાવતા. તે નાદ સૌમ્ય હોય (સ્વર) તો તેને આપણે 'સ્વર' કહીએ છીએ. તે જો ચટણી અથવા મસાલેદાર શાક જેવો કઠોર હોય તો તેને 'વ્યંજન' કહીએ છીએ. વ્યંજન એટલે ચટણી, અથાણાં, શાક. તેથી આવી રીતે તે સક્રિય નાદમાંથી જેમાં સ્વર કે વ્યંજનો જેવા ભેદ નહોતાં, તેમાં સ્વરો અને વ્યંજનોનો ભેદ પડ્યો. નાદ પ્રકાશરંગો ધારણ કરતાં થવાથી તેને 'પશ્યંતિ-વાણી' કહેવામાં આવે છે. આવી રીતે મૂળ નિષ્ક્રિય, સુપ્ત આદિ સંકલ્પમાંથી પરા અને પશ્યંતિ-વાણી નિર્માણ થઈ, એમ શાસ્ત્રો જણાવે છે. આ સક્રિયતા નિર્માણ થઈ એ જ પ્રજ્ઞા-શક્તિનો

(પૃ.૧૪ ઉપર)

ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

આત્મશક્તિનો પ્રકાશ

પ્રકરણ-૨૭

બૃહદારણ્યકોપનિષદ (૪-૩) (કુર્ચ બ્રાહ્મણ)

યાજ્ઞવલ્કય અને જનક સત્સંગ કરી રહ્યાં છે :

''મહર્ષિ, આપણો આત્મા જે કાર્ય કરે છે તે કઈ શક્તિના આધારે કરે છે ?'

''રાજન્, તે સૂર્ય-કિરણો દ્વારા કાર્ય કરતો હોય છે. સૂર્યકિરણો જ પ્રાણ-શક્તિનો પુરવઠો આત્માને કરે છે.''

''તો પછી મહારાજ, રાત્રે કઈ શક્તિના આધારે તે કાર્ય કરે છે ?''

''ત્યારે તે ચંદ્રકિરણો દ્વારા મળતી પ્રાણ-શક્તિના બળે કાર્ય કરે છે.'' (ચંદ્રકિરણો એટલે પ્રકાશિત મનની પ્રેરણાઓ)

''ઋષિવર, સૂર્ય અને ચંદ્ર ન હોય (અમાસની રાત્રે) ત્યારે કઈ શક્તિથી કાર્ય કરે છે?''

''ત્યારે રાજન્, તે અગ્નિનાં કિરણો દ્વારા મળતી પ્રાણશક્તિથી કાર્ય કરે છે.'' (ચૈત્યપુરુષરૂપી અગ્નિની પ્રેરણાઓથી)

''ઋષિવર્ય, અગ્નિ પણ ઠરી જાય ત્યારે કઈ શક્તિથી તે કામ કરે છે ?''

''રાજન્, ત્યારે વાક્-ની જ્યોતિમાંથી તે પ્રાણશક્તિ મેળવે છે. શબ્દોમાં પ્રેરણા આપવાની શક્તિ છે જ.'' (ભાવવિભોર પ્રાર્થના એટલે જ વાક્)

''ગુરુવર્ય, જ્યારે વાક્ પણ શાંત થઈ જાય છે ત્યારે આત્મા કઈ શક્તિથી કાર્ય કરે છે ?'

''ત્યારે હે રાજન્, તે આત્મ-જ્યોતિ અર્થાત્ આત્મસૂચન દ્વારા પ્રેરણા મેળવી કાર્ય કરે છે. (આંતરપ્રકાશમાંથી અનાયાસે મળતી આંતર-પ્રેરણાઓ)

સારાંશ, બધી શક્તિઓનો મૂળસ્રોત તો આત્મ-શક્તિ જ છે. તે શક્તિ જ્યારે સક્રિય બને છે ત્યારે પ્રકાશમય બની જતી હોવાથી તેને માટે 'જ્યોતિ' શબ્દ વાપરે છે. તે આપણી ચેતનાને દિવ્યભાવોથી ભરી દે છે.

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૦

પ્રાણની વિવિધ કક્ષાઓ

(ભા.૧, પૃ.૩૭૩-૩૭૮)

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ એ સાચી હકીકત નથી કે દરેક ચૈતસિક-અનુભૂતિ એક શુદ્ધ અને સાચી દિશામાં જતા પ્રાણમય પ્રવાહનો પોતાની અંદર સમાવેશ કરે છે.

૨ મન, પ્રાણ અને શારીરિક-ચેતના તેની છાપને સ્વીકારી શકે છે અને તેના પ્રભાવ હેઠળ રૂપાંતર પામી શકે છે. પૃ.૩૭૯

૩ ઊર્મિમય સ્વરૂપ જ સક્રિય રીતે ચૈત્યપુરુષની સૌથી નજીકની વસ્તુ છે.

૪ શારીરિક મન..... પોતાની જૂની ગતિઓને યાંત્રિક રીતે વળગી રહેવાની ટેવને લીધે..... અતિમનસના બળનું પ્રસરણ કરવામાં..... મુખ્ય વિઘ્ન..... થાય છે. બીજી બાજુએ તેનામાં રૂપાંતર એક વખત થઈ આવે તો અતિમનસ - બળની સ્થિરતા માટે કિંમતી સાધન બની શકશે. પૃ.૩૮૦

૫ ઊર્ધ્વ પ્રાણનાં ભાગોમાં કયા પ્રતિભાવો આવી શકે..... તે સ્પષ્ટ રીતે કહેવું શક્ય નથી. પૃ.૩૮૦

૬ પ્રકૃતિના ઊર્ધ્વ પ્રાણના ભાગો એટલે હું પ્રાણમય-મન, ઊર્મિમય પ્રકૃતિ (એ) અર્થમાં કહું છું. પૃ.૩૮૦

૭ બધા વિભાગો સહિત, ઊચ્ચ પ્રાણ છાતીમાં સ્થપાએલો છે અને હૃદયનું કેન્દ્ર તેનો કિલ્લો છે........ નાભિ સુધીના ભાગો ઉપર તે સામ્રાજ્ય ચલાવે છે. પૃ.૩૮૧

૮ અંતરાત્મા આમા (ચૈત્યપુરુષ) અને પ્રકૃતિ (મન,પ્રાણ શરીર) વચ્ચે સમાધાન કરાવે છે. પૃ.૩૮૧

૯ ઊર્મિમય સ્વરૂપ પોતે જ પ્રાણનો એક ભાગ છે. પૃ.૩૮૨

૧૦ હૃદયથી ઉપરના ભાગમાં પ્રાણમય મન છે. પૃ.૩૮૨

૧૧ કામનાનું સ્થાન હૃદયથી નીચે..... નાભિસ્થાનમાં, નિમ્ન પ્રાણમાં છે. પૃ.૩૮૨

૧૨ સમર્થ પ્રાણ..... જીવન-શક્તિથી ભરપૂર હોય છે. પૃ.૩૮૩

૧૩ શારીરિક પ્રાણ એ ક્ષૂદ્ર કામનાઓ..... નું સ્વરૂપ છે. પૃ.૩૮૪

૧૪ નાડીતંત્ર એ પ્રાણનો ભાગ છે.પૃ.૩૮૫

દરેક ચૈતસિક અનુભૂતિમાં પ્રાણ સહભાગી થાય જ છે એવું નથી. જો ચૈતસિક અનુભૂતિને બહાર પ્રગટ કરવી હોય, પછી તે વાણીમાં હોય કે વર્તનમાં, ત્યારે પ્રાણની મદદની જરૂર પડે છે અને પ્રાણ તેમાં સહભાગી થાય છે. ચૈત્યપુરુષ અગ્રભાગે આવીને કામ કરતો હોય તો કદાચ તે મન, પ્રાણ, શરીરને વધારે પોતાની અનુભૂતિમાં સહભાગી કરવા માંડે છે. આવી રીતે સહભાગી થવું એ તે તત્ત્વોની રૂપાંતરની પ્રક્રિયાનો ભાગ હોય છે. તે વખતે તે વ્યક્તિ દ્વારા તેનું આત્મતત્ત્વ અભિવ્યક્ત થવા લાગે છે.

ઊર્મિમય સ્વરૂપ જ ચૈત્યપુરુષની સહુથી પાસેનું તત્ત્વ છે અને તેથી અન્ય વ્યક્તિ તેના ઊર્મિમય કેન્દ્ર દ્વારા જ ચૈત્યપુરુષ પાસે સહેલાઈથી પહોંચી શકે છે અને ઊર્મિઓ દ્વારા જ ચૈત્યપુરુષ અભિવ્યક્ત પણ થાય છે. આમ તો ઊર્મિઓ પ્રાણમય તત્ત્વનો ભાગ છે.

આ ચેતનાનાં સ્તરોનું વર્ગીકરણ પ્રત્યક્ષ પોતાના અનુભવો દ્વારા સમજવું જરા અઘરું છે. કારણ આ તત્ત્વો એકબીજામાં ભળીને કાર્ય કરતા હોય છે, પણ પોતાની પ્રકૃતિની ગતિવિધિ અને તેની ખાસિયત સાધનામાં સાધકે સમજી લેવી અનિવાર્ય છે.

જડ તમોગ્રસ્ત ભૌતિક મન એ પરમાણુમાં પણ હોય છે એવું જર્મન ભૌતિકવાદી હેગેલનું કહેવું છે. દરેક ઇલેક્ટ્રોન્સનું વર્તન પણ વ્યક્તિગત વિશેષતા દર્શાવે છે એવું આધુનિક અણુવિજ્ઞાન પણ માન્ય રાખે છે.

આવું તમોગ્રસ્ત મન નીચેની લાક્ષણિકતાને કારણે પોતાનું મન તરીકેનું અસ્તિત્વ જણાવી શકતું નથી :

૧ પોતાની ગતિઓને યાંત્રિક ઘરેડમાં જ ચલાવવાનું વલણ.

૨ વિસ્મૃતિની ટેવ.

૩ નવું ન શીખવાની વૃત્તિ.

આ ત્રણે વસ્તુ જાણે અણુમાં ચેતના જ નથી એવો ભ્રમ પેદા કરે છે, તેથી અણુની

કક્ષાએ ચેતના પ્રગટાવવામાં તે વિઘ્નરૂપ લાગે છે. પણ તેને જીતીને સભાન કરવા સિવાય અતિમનસ પ્રકાશને, ચેતનાને અને બળને જડ પ્રકૃતિમાં સ્થિર કરવું શક્ય નથી એ પણ એક વાસ્તવિકતા છે.

ઊર્ધ્વપ્રાણના નિશ્ચિત પ્રતિભાવો દર્શાવવા મુશ્કેલ છે કારણ પ્રકૃતિના દરેક સ્તરે દરેક વ્યક્તિએ નિશ્ચિત ટેવો અને પ્રત્યાઘાતો આપવાનું સ્વરૂપ નક્કી કરેલ હોય છે, તેથી વ્યક્તિદીઠ ઊર્ધ્વપ્રાણનાં પણ પ્રત્યાઘાતોમાં તફાવત પડતો જાય છે. પ્રકૃતિ જેટલી નમનીય હશે તેટલા ઊર્ધ્વ-પ્રાણના પ્રત્યાઘાતો વધારે અસલ, સ્પષ્ટ અને નિશ્ચિત હશે. ઊર્ધ્વ-સત્યોને ધારણ કરતી વખતે ઘણી વખત તેનાં પરિણામો આપણા સ્વીકારેલાં વિચારો, ભાવનાની અભિવ્યક્તિની પદ્ધતિઓ અથવા વર્તન પ્રકારો કરતાં તદ્દન ઊલટાં હોઈ શકે છે.

ઊર્ધ્વ પ્રાણમાં સાધારણ રીતે પ્રાણમય મન, ઊર્મિમય પ્રાણની ગતિવિધિઓનો સમાવેશ કરવામાં આવે છે. આવો ઊર્ધ્વ પ્રાણ વિવેકી મન અથવા આંતર-પ્રેરણાઓને અનુસરે છે. ઊર્ધ્વ પ્રાણનો પ્રભાવ કંઠથી નાભિ સુધીનાં વિસ્તારમાં જોવા મળે છે. નાભિ નીચેનો પ્રદેશ નિમ્ન પ્રાણનો છે અને મૂલાધાર સ્થૂળ પ્રકૃતિ અથવા શારીરિક-ચેતનાનો.

અંતરાત્મા એ ચૈત્યપુરુષના લગતનો પુરુષ છે. આંતર મન, પ્રાણ અને શારીરિક તત્ત્વનાં બનેલાં આંતરસ્વરૂપનું તે સંચાલન કરે છે. તેની પાછળ ચૈત્યપુરુષ છે અને તેની ઊર્ધ્વમાં જીવાત્મા છે.

આંતરપુરુષ એ ચૈત્યપુરુષ અને બાહ્ય પ્રકૃતિને જોડનારું તત્ત્વ છે. તે માટે ઘણી વખત તે નિમ્ન ગતિઓ સ્વીકારીને પણ પ્રકૃતિ સાથે સંબંધ જાળવી રાખે છે, પણ તેને કારણે બાહ્ય પ્રકૃતિના રૂપાંતરની શક્યતા ઊભી થાય છે.

સાધકનો એક વખત પ્રભુ સાથે અથવા તેના અંશસ્વરૂપ જીવાત્મા સાથે સંબંધ બંધાઈ જાય પછી જ ચૈત્યપુરુષ જાગૃત થાય છે, અગ્ર ભાગે આવે છે, સક્રિય બને છે અને અંતે તેનો સાક્ષાત્કાર થાય છે. તે જ અહંકારમાંથી મુક્તિ અને ભક્તિ, પ્રેમ, સમર્પણનો ભાવ રચે છે.

ઊર્મિમય પ્રાણની ગતિઓ જ શુદ્ધ થતાં ચૈતસિક લાગણીઓ બની જાય છે.

નિમ્નપ્રાણ અને ઊર્મિમય પ્રાણની લાગણીઓનો તફાવત સમજવા માટે તેનો પરિણામ શરીરના કયા ભાગ ઉપર થાય છે તેને આધારે પાડી શકાય છે. ઊર્મિમય પ્રાણની લાગણીઓ મુખ્યત્વે હૃદયમાં અનુભવાય છે. દા.ત. કરુણા, પ્રેમ વગેરે. જ્યારે નિમ્નપ્રાણની લાગણીઓ નાભિ-પ્રદેશના આસપાસનાં પ્રદેશમાં અનુભવાય

છે. દા.ત. ડર, અસુરક્ષિતતા, ગુસ્સો.

એકંદરે સમર્થ પ્રાણ જીવન-શક્તિથી ભરપૂર હોય છે. મહત્ત્વાકાંક્ષા, નીડરતા, ઉત્સાહ, ઉદારતા, નેતૃત્વ અને સહજ સત્તા એ તેનાં સ્વાભાવિક લક્ષણો હોય છે. સમર્થ પ્રાણ સમર્પિત થવો મુશ્કેલ છે, પણ થઈ જાય તો પ્રભુનાં કાર્યનું તે એક સમર્થ કરણ બની જાય છે. દા.ત. હનુમાનજી.

સમર્થ પ્રાણની બે જ મુશ્કેલીઓ છે : પ્રચંડ અહંકાર અને સત્તાનું આકર્ષણ. સમર્થ પ્રાણવાળાનું શરીર પણ મજબૂત જ હોય એવું નથી, ઘણી વખત પ્રાણશક્તિનાં વધારે વપરાશથી શરીર માંદલું રહેતું પણ દેખાય છે.

નબળા પ્રાણવાળા વધારે આધ્યાત્મિક હોય છે એ પણ સાચી વાત નથી. પ્રાણ પોતાની નબળાઈઓ છુપાવવા આવા આવરણો તૈયાર કરતો હોય છે.

શારીરિક પ્રાણ પણ હોય છે, જે શરીરની આળપંપાળમાં અને સુખસુવિધામાં જ રચ્યોપચ્યો રહે છે. નાડીતંત્ર સાથે શારીરિક પ્રાણ ખૂબ જ નજીકનો સંબંધ રાખે છે. તે માંદગી, દુઃખ, કામવાસના, ગુસ્સો વગેરેનાં સંવેદનો નિર્માણ કરવામાં કારણીભૂત બને છે. પ્રાણમય તત્ત્વને જીતવામાં ભૌતિક-પ્રાણ સહુથી છેલ્લો હોય છે, જે અંતે સહકાર આપે છે.

આમ નીચેથી ઉપર જતાં ભૌતિક પ્રાણ, શારીરિક પ્રાણ, નિમ્નપ્રાણ, શુદ્ધપ્રાણ, મનોમય પ્રાણ, ઊર્મિમય પ્રાણ : આવા વિવિધ સ્તરો પડે છે.

સ્થૂલ પ્રાણ એવો શબ્દ શ્રી અરવિન્દ વાપરતા નથી, કારણ પ્રાણશક્તિ સૂક્ષ્મ જ હોય છે. તેનું પ્રગટ થવાનું માધ્યમ કદાચ સ્થૂળ કે સૂક્ષ્મ હોઈ શકે છે.

(પૃ.૩૮ ઉપરથી)

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

કરી દઈશ. મને ખાતરી છે.''પૃ.૫૦

૨૦ જીવનનાં આઘાતો આનંદથી સહન કરતા પ્રાણને શીખવવું પડે છે. તેમાં સતત હકારાત્મક વલણો લાવવા પડે છે. પૃ.૫૧

૨૧ પ્રાણનું રૂપાંતર પણ મહત્ત્વનું છે. ઇન્દ્રિયો સંવેદનો ગ્રહણ કરી તેનો પ્રત્યાઘાત દર્શાવે છે. તે બાબતની આંતરિક પ્રક્રિયા આપણે જાણી લેવી જરૂરી છે. ઇન્દ્રિયો પ્રાણે નિર્માણ કરેલી ઇચ્છા પાછળ ઘેટાંની જેમ દોડે છે. પ્રાણ પાછળ રહેલ અવચેતન આ રમત રમાડે છે. પ્રાણનાં અશુદ્ધ આંદોલનો ઇન્દ્રિયો સુધી પહોંચે જ નહીં એમ કરવા પ્રાણનું રૂપાંતર જ જરૂરી છે. પૃ.૫૩

વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

ભૂમિકા

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૩-૨૨)

પ્રકરણ -૧

સમજૂતી - માનસિંહ ચાવડા

સારાંશ, વેદો આ આધ્યાત્મિક ગ્રંથો છે. એ પરંપરા પુરાતન તો છે જ સાથે સાથે સાધાર પણ છે.

યાસ્કના મતે વેદોના શબ્દો ગૂઢ હોવાથી તેના ત્રિવિધ અર્થ કઢાય છે : ૧. યજ્ઞવિધિને લગતો. ૨. દેવોને લગતો અને ૩. આધ્યાત્મિક. તેમાં પણ છેલ્લો જ મહત્ત્વનો છે અને તેના આધારે જ પ્રથમ બે પ્રતીકાત્મક અર્થ કાઢવામાં આવે છે.

જ્યાં સુધી વૈદિક આશ્રમ-પદ્ધતિ હતી અને ગુરુ-શિષ્યના જીવંત અને લાંબાકાળનાં સાંનિધ્યનો કાળ હતો, ત્યાં સુધી આ ત્રીજો ગુપ્ત અર્થ ટકી રહી પણ તે સંબંધ ન રહેતા જ તે ગુપ્ત અર્થની પરંપરા પણ નાશ પામી.

તેમ જ એવી માન્યતા છે કે વેદાધ્યયન સાથે ધ્યાન અને તપથી આ અર્થો ફરી પ્રાપ્ત થાય છે. તે માટે તેમને બાહ્ય સાધનોની જરૂર પડતી નથી. તે બાબતના પ્રયત્નો પણ શિથિલ થઈ ગયા.

તેથી વૈદિક ઋષિઓની પ્રેરણાઓ ગૂઢવાદમાંથી ઊતરી આવી છે એ એક હકીકત પુરવાર થાય છે. વૈદિક ઋષિઓ ગૂઢવાદી મર્મીઓ હતાં, રહસ્યવિદો હતા.

આના પુરાવા તરીકે સૂક્તોનો અભ્યાસ કરી તેમાંના મહત્તમ સૂક્તોમાં આવા ગૂઢવાદી તત્ત્વો છે તે સિદ્ધ કરવું જરૂરી છે. યજ્ઞવિધિ એ તો તે ગૂઢરહસ્યોનાં બાહ્ય પ્રતીકોમાત્ર છે.

ઋગ્વેદનાં ઘણાં સૂક્તોમાં આવો ગૂઢવાદ જોવા મળે છે. આ ભૌતિક જગત પાછળ એક વિશ્વવ્યાપી શક્તિ આયોજનબદ્ધ રીતે ગુપ્ત રહીને કામ કરી રહી છે. તે શક્તિ સચેતન છે. તે શક્તિને પ્રભાવી-શબ્દ અને ભાવ-સામર્થ્યથી અર્થાત્ મંત્રોથી જાગૃત કરીને બાહ્ય વસ્તુઓ ઉપર પણ પરિણામકારક રીતે વાપરી શકાય છે. માનવને વાણી અને વિચારસ્વરૂપ આ બે સાધનો કુદરતે તે માટે જ આપેલાં છે.

પણ આ રહસ્યો વેદમંત્રોમાં વાપરેલ ચાવીરૂપ શબ્દોમાં જાણે કેદ થઈને પડેલ છે !

તેમાંનો એક શબ્દ છે 'ઋતમ્'. ગૂઢવાદીઓને આ કેન્દ્રિય શોધનો વિષય હતો. ઋતમ્ જ ભૌતિક જગતમાં પ્રગટ થાય છે, ત્યારે સત્ય બને છે. આમ સત્યની બીજાવસ્થા એ જ ઋતમ્ છે. આ રીતે ઋતમ્‌નો અર્થ લેતા ઘણાં સૂક્તોનો સુસંવાદી અર્થ નીકળવા માંડે છે. આ જ પદ્ધતિ અન્ય ચાવીરૂપ શબ્દો માટે પણ વાપરી શકાય. દા.ત. ક્રતુ, શ્રવસુ, ગો, પણી, વૃત્રાસુર, આપ, દસ્યુ, ધૃત, અશ્વ, યજ્ઞ વગેરે. આ બધા જ ગૂઢ-પ્રતીકાત્મક શબ્દો છે. આ બધાના ગૂઢાર્થો નીચે મુજબનાં છે : ૧. ક્રતુ : દિવ્ય સર્જનની પ્રક્રિયા. ૨. શ્રવસ : દિવ્ય-શક્તિઓનું શ્રવવું, અવતરણ અર્થાત્ દિવ્ય પ્રેરણાઓ. ૩. ગો : ચેતનાનું દિવ્ય પ્રકાશકિરણ. ૪. પણી : દિવ્યશક્તિને શોષી લેનાર, ઢાંકી લેનાર તત્ત્વો. ૫. વૃત્રાસુર : જડ અજ્ઞાનતા અને અદિવ્ય શતિની આચ્છાદિત શક્તિ. ૬. આપ : નિરાકાર સચેતન તત્ત્વ. ૭. દસ્યુ : અદિવ્ય-શક્તિનાં હાથાં. ૮. ધૃત : શ્રદ્ધા કે સારત્વ. ૯. અશ્વ : દિવ્ય બળ અથવા દિવ્ય પ્રાણશક્તિ. ૧૦. યજ્ઞ : વિશ્વ-સર્જન પ્રક્રિયા. ૧૧. કેતુ : ઉચ્ચતમ્ ટોચ અર્થાત્ બુદ્ધિ.

સમજો, આ રીતે ગૂઢાર્થો લઈને વેદોનું અર્થઘટન કરીએ તો કયો અધ્યાત્મિક અર્થ પ્રગટ થાય છે અને તે અર્થ સાચો જ છે તેની ખાતરી શું ? ઉપર મુજબના ગૂઢાર્થોથી વેદોનો જે સળંગ અર્થ પ્રગટ થાય તે જો ઉપનિષદોમાં જણાવેલા વિચારો સાથે મળતો હોય અને ઉપનિષદના આધારે વિકાસ પામેલાં વેદાંતના વિચારો સાથે મળતાં હોય તો તે એક તેને સત્ય માનવાનો મજબૂત પુરાવો ગણી શકાય. વેદમાં સત્ય માટે અમૃત, દિવ્યાકાશ આવા સમાનાર્થી શબ્દો વપરાયેલ છે અને તેમની શોધ અને જીવનમાં તેમની સાર્થકતા એ જ વેદોનો કેન્દ્રિય વિચાર રહ્યો છે.

આ જ્ઞાન આંતરપ્રેરણા અને આંતરદર્શનાથી પ્રાપ્ત થાય છે, તેથી આત્માની સનાતનતા અર્થાત્ અમૃતત્વનો અનુભવ આવે છે. વેદો કહે છે આપણો ઉદ્દેશ સપન્ત ઋતમ્મૃતમ્ છે. (૧-૬૮-૨) આપણે સત્યનાં પ્રદેશમાં આરોહણ કરવાનું છે, તેમાં જન્મવાનું છે અને વૃદ્ધિ પામવાની છે.

પ્લેટો જેમ માનતો કે આપણે ઊર્ધ્વમાં દિવ્યજગત (સદનં ઋતસ્ય : ૪ - ૨૧ - ૩) અને નીચે મર્ત્યલોક સાથે સંબંધ રાખી જીવવાનું છે અને આ મર્ત્યલોક ઘણો જ અજ્ઞાનમય છે તેવું જ ઋષિઓ પણ માનતા (અનૃતસ્ય ભૂરે : ૭-૬૦-૬૧) અને આપણે સત્યનો માર્ગ શોધી (ઋત્સ્ય પંથા : ૩-૧૨-૭) દિવ્યલોકમાં પહોંચવાનું છે, તે માટે આંતરયજ્ઞ કરવાનો છે. દેવોને ભાવપૂર્ણ મંત્રથી બોલાવવાનાં છે. આપણા દિવ્યભાવોરૂપી આહુતિ આપી તૃપ્ત કરવાનાં છે અને તેમની મદદથી સત્યનો માર્ગ શોધી કાઢવાનો છે. આ આંતરયજ્ઞ સ્વસમર્પણ રૂપ હોય છે.

(પૃ.૩૬ ઉપર)

સમજૂતી - માનસિંહ ચાવડા

કામ અને આરામ સાથે જ

(પેજ - ૧૧૦-૧૧૧)

દાદાજીના વખતનું દોઢસો વર્ષ જૂનું ઘડિયાળ. દોઢસો વર્ષોથી બંધ પડ્યા વગર તે સેવા આપી રહ્યું હતું. દાદાજીનો પૌત્ર હવે જુવાન થઈ ગયો હતો. ખેતી કરે પણ રોજ સવારે ઘડિયાળને સાફ કરે પછી જ ખેતીના કામે જાય.

એક દિવસ તે યુવાન સવારે રોજની જેમ ઘડિયાળને સાફ કરી રહ્યો હતો, ત્યારે ઘડિયાળ બોલ્યું, ''ભાઈ, હવે હું થાકી ગયું છું. મારી ઉંમર થઈ ગઈ છે. મારે હવે આરામ કરવો છે. મને હવે પ્રેમથી રજા આપ.''

યુવાન બોલ્યો, ''ઘડિયાળદાદા, તમે તો મારા આદર્શ છો. તમારે કારણે જ હું નિયમિત સખત કામ કરું છું. બીજું, તમને ભગવાન બે ટીક-ટીક વચ્ચે એક સેકંડ નિયમિત આરામ આપે છે તેમાં તમે આરામ લેતા શીખો. તમને થાક નહીં લાગે.''

ઘડિયાળને યુવાનની સલાહ ગમી ગઈ. તેની વ્યવસ્થિત કામ કરવાની પદ્ધતિમાં તેણે દૃષ્ટિ બદલી. તેને હવે આરામ પણ મળતો હતો.

વ્યવસ્થિત રીતે, સુઘડ રીતે કામ કરવાથી જે આનંદ મળે છે, તેમાં જ આપણને પ્રભુ આરામ આપે છે. કામ અને આરામ જુદાં નથી. કામમાં પણ આરામ હોય છે.

ચાલો, કામમાં આરામ માણતા શીખીએ.

ઉત્ક્રાંતિનો હેતુ

-શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા)

અવતરણો - પ્રકરણ -૨

(ઉત્ક્રાંતિ - પૃ.૮-૧૩)

૧ પ્રાણતત્ત્વ પહેલેથી જ જડતત્ત્વમાં અંતર્હિત રહેલું જ છે. તેની અંદર જઈને બેઠું છે, અને એ જ રીતે પ્રાણતત્વમાં મન પણ પૂર્વેથી જ..... જઈને રહેલું છે. પૃ.૭

૨ જડતત્ત્વમાં તથા પ્રાણમાં બન્યું હતું તે મુજબ અહીં મનમાં પણ એ ઊર્ધ્વ ગતિક વૃત્તિ રહેલી છે. પૃ.૮

૩ આત્મતત્ત્વ જડતત્ત્વની અંદર આવીને પ્રથમથી જ દાખલ થએલું છે. પૃ.૯

૪ તો પછી મનુષ્ય પોતાની અંદર દિવ્યતત્વો આવિર્ભાવ કરવા ઈચ્છે, પોતાની અંદર તેમ જ બહાર પણ તે પ્રભુનો સાક્ષાત્કાર કરવા વાંછે, તો તે માટે તેને સંપૂર્ણ અધિકાર છે. પૃ.૯

૫ આ દૃષ્ટિએ જોતાં ઉત્ક્રાંતિનો દરેક તબક્કો એક વધુ ને વધુ ઊર્ધ્વતર ચેતનાની શક્તિનાં અવતરણને પરિણામે આ ભૂમિકા ઉપર દૃશ્યમાન થતો હોય તેમ જણાય છે. પૃ.૧૦

૬ એક દિવ્ય પ્રકાશ જગત ઉપર અવતરણ પામવા તોળાઈ રહ્યો છે અને એ હવે કંઈ બહુ દૂરનો અને અવ્યવહાર્ય ઝળકાટ માત્ર નથી. પૃ.૧૦

૭ એક પરમ-શાંતિ અને સ્વયંભૂ આનંદનું નિર્માણ કરવું..... એક અનંત મુક્તિની સ્થાપના કરવી, શરીરમાં અમર જીવનની શોધ કરવી..... આ છે જડ સૃષ્ટિમાં પ્રભુના આવિર્ભાવની દિશા. પૃ.૧૧

૮ જગતના સર્વ પ્રશ્નો તાત્ત્વિક રીતે જોતાં સંવાદની સાધના માટેના પ્રશ્નો છે. પૃ.૧૧

ઉત્ક્રાંતિનો હેતુ બાબત અજ્ઞાન :

જડતત્ત્વમાંથી પ્રાણ અને મન વિકાસ પામ્યું છે, તે ઘટનાક્રમ દર્શાવે છે, પણ તે ઘટનાઓ શા કારણે બની એ હજી સમજાતું નથી; તેનો કોઈ ખુલાસો મળતો નથી.

સત્કાર્યવાદ : એક ખુલાસો :

ખુલાસો એક રીતે જ મળી શકે છે અને તે છે વેદાંતનું સ્પષ્ટીકરણ. વેદાંત જણાવે છે કે જડતત્ત્વમાં અન્ય બધાં જ સૂક્ષ્મ તત્ત્વો ગૂઢ રીતે અંતર્હિત છે. તેમાં તે બીજસ્વરૂપે હસ્તિ ધરાવે છે. અર્થાત્ કાર્ય કારણમાં હાજર જ છે. આને તેઓ સત્કાર્યવાદ કહે છે. જડતત્ત્વ પ્રાણનો જ સ્થૂલ આવિર્ભાવ છે. પ્રાણ જ મનનો સ્થૂલ આવિર્ભાવ છે. આનો અર્થ મન પણ કોઈ ઊર્ધ્વ તત્ત્વનો જ સ્થૂલ આવિર્ભાવ હોવો જોઈએ.

આ સ્પષ્ટીકરણ જડતત્ત્વમાંથી પ્રાણ જ શા માટે પ્રકટ થયો અને પ્રાણમાંથી મન જ શા માટે પ્રકટ થયું, એનો તો ખુલાસો આપે છે; પણ તેથી પણ આગળ જઈને ભવિષ્યની ઉત્ક્રાંતિની રૂપરેખા પણ આપણને આ રીતે સમજાવી શકે છે. એટલું જ નહીં પણ આપણામાં આનંદ, મુક્તિ અને અમરતા પ્રત્યે કાયમ ગૂઢ આકર્ષણ શા માટે છે અને તે મેળવવાની અભીપ્સા દરેકમાં શા માટે પડેલ છે તેનું પણ સ્પષ્ટીકરણ આપણને મળે છે. મુક્તિ અર્થાત્ સ્વતંત્રતા, અમરતા અને આનંદ એ આત્મતત્ત્વનો સ્વભાવ છે, માટે આપણામાં રહેલ ગૂઢ આત્મતત્ત્વની આ માગણી અભીપ્સાસ્વરૂપે સતત પ્રકટ થાય છે. નિમ્ન યોનિને તે પછીના વિકસિત યોનિ પ્રકટ કરવાની પ્રયોગશાળા તરીકે વાપરવામાં આવે છે. પશુની પ્રયોગશાળામાંથી જ જેમ માનવ પ્રકટ થયો એમ માનવની પ્રયોગશાળામાંથી જ અતિમાનવ પ્રકટ થશે, એ સમજી શકાય છે. રાસાયણિક ક્રિયાઓમાંથી પ્રાણતત્ત્વ પ્રકટ થયું. પ્રાણતત્ત્વમાંથી મન અને મનમાંથી હવે અતિમનસ પ્રકટ થશે. ઉત્ક્રાંતિ એ આવિર્ભાવની પ્રક્રિયા છે. અવતરણ પામેલ તત્ત્વ જ જ્યારે આવિર્ભાવ પામે છે, ત્યારે તેને ઉત્ક્રાંતિ કહેવાય છે.

ઉત્ક્રાંતિનાં સૂચનો :

આ આવિર્ભાવની પ્રક્રિયા એ પણ સૂચવે છે કે તેનો હજી અંત નથી, માનવ એ ઉત્ક્રાંતિનું અંતિમ ફળ નથી, પણ તે ઉત્ક્રાંતિનો ફક્ત વર્તમાન તબક્કો છે. ઊર્ધ્વ-ચેતનાઓને પ્રકટ કરવી એ તેથી માનવનો જન્મસિદ્ધ હક્ક છે, તે તેનો સર્વોત્તમ

અધિકાર છે.

આ પ્રક્રિયા એ પણ સૂચવે છે કે અજ્ઞાનમાં રાચતાં શરીર, પ્રાણ અને મન ઉત્ક્રાંતિ દ્વારા એવો તબક્કો શોધશે જેમાં શરીર, પ્રાણ અને મન ત્રણે અજ્ઞાનના પ્રભાવથી સંપૂર્ણ રીતે મુક્ત થઈ જ્ઞાનવાન અને વિજ્ઞાનસ્વરૂપ બની જશે. આનો અર્થ એ થયો કે ઉત્ક્રાંતિના નવા તબક્કામાં અજ્ઞાનનાશક સત્યનો પ્રકાશ અવતરણ થવા મથી જ રહ્યો છે અને તેમનું અવતરણ થતાં જ ધીમેધીમે હાલની બધી સમસ્યાઓનો અંત આવશે. આવા સાધકોને તંત્ર દિવ્ય-સાધકો તરીકે ગણે છે. આવા નૂતન તબક્કામાં ત્રિવિધ મુક્તિ મળશે. જીવનની દિવ્ય-જીવન સ્વરૂપેની પ્રાપ્તિ, રોગ, મૃત્યુ, યાતનામાંથી મુક્તિ, શરીરની અમરતા, પ્રકાશમયતા, નમનીયતા સ્વરૂપે જડતામાંથી મુક્તિ.

આ મન, પ્રાણ (જીવન) અને શરીરની ત્રિવિધ સ્વરૂપની મુક્તિ એ જ અતિમાનવનાં લક્ષણો ગણાશે અને આ જ ઉત્ક્રાંતિની ભાવિ દિશા હશે.

આને કારણે માનવમાંથી પશુતા નષ્ટ થશે, એટલું જ નહીં પણ માનવ અહંકારમાંથી પણ મુક્ત થશે અને દિવ્ય-ચેતના સીધેસીધી શુદ્ધ અને દિવ્ય-સ્વરૂપે માનવ શરીર દ્વારા પ્રકટ થશે.

પ્રકૃતિની કાર્ય પદ્ધતિ :

માનવ-બુદ્ધિ હાલની માનવની કક્ષાને જ અંતિમ અવસ્થા માને છે તે તેનો ભ્રમ માત્ર છે અથવા તે તેના અહંકારનું પરિણામ માત્ર છે. પણ અંતરમાં ઊગી નીકળતા આદર્શો - અમરતા, દિવ્યતા, સનાતન આનંદ વગેરે અને આજની વાસ્તવિક પરિસ્થિતિ પરસ્પર વિરોધી લાગે છે. પણ પ્રકૃતિની કાર્યપદ્ધતિ જ આ સ્વરૂપની હોય છે. ઉત્ક્રાંતિમાં આગામી તબક્કો કાયમ પ્રથમ મુશ્કેલીઓ તરીકે પ્રકટ થતો હોય છે અને મુશ્કેલીઓના નિવારણ દ્વારા તે ધીમે ધીમે પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કરે છે, તેથી આવા આદર્શો ભ્રમમાત્ર છે એમ સમજવાની જરૂર નથી. દરેક વિસંવાદનો અંત સંવાદમાં જ થતો હોય છે એ નિશ્ચિત છે.

વ્યવહારુતાની નબળાઈ :

પશુદશા જ માનવમાં વ્યવહારુ માનવતા રચે છે. તે અણઉકેલ્યા પ્રશ્નોને યથાવત્ રાખીને તેમની સાથે સમાધાનથી જીવવાની ટેવ રાખે છે અથવા કોઈ ખોટી સમજણ ઊભી કરીને સમાધાન કરી લે છે. આ ખરેખર માનવ તરીકેની ફરજમાંથી ભાગી છૂટવા બરોબર છે. (ક્રમશઃ)

યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

લક્ષ્ય

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)
પ્રકરણ - ૧
પૂર્ણયોગનાં કરણો

સમજૂતી – કમલેશ માંડવિયા

૧ અહીં જે યોગનો માર્ગ અનુસરાય છે..... દિવ્ય ચેતનાની પોતાની જે વિજ્ઞાનમય શક્તિ રહેલી છે, તેને માનવનાં મન, પ્રાણ અને દેહનાં અજ્ઞાનમાં ઊતારી લાવવી. પૃ.૩

૨ કરણોનું રૂપાંતર કરવું... રૂપાંતર પામીને દિવ્ય થયેલી માનવ પ્રકૃતિમાં પ્રભુનો આવિર્ભાવ કરવો તથા જડ પાર્થિવ તત્ત્વમાં દિવ્ય જીવનનું સર્જન કરવું. પૃ.૩

૩ આ પ્રકારનો યોગ અશક્ય લાગશે..... સાધકને એનું મન, એનો પ્રાણ અને દેહ એ ઉદ્દેશનો સાક્ષાત્કાર થવામાં નડતી સૌથી વધારે દુરાગ્રહી બાધાઓથી ભરેલાં જણાશે. પૃ.૩

૪ જો તમે આ યોગના આદર્શનો પૂરેપૂરો અંતરથી સ્વીકાર કરી શકતા હો.... તો જ એની પાછળ જે સત્ય રહેલું છે તેને અનુભૂતિ વડે પ્રાપ્ત કરવાની તમે આશા રાખી શકો છો. પૃ.૩-૪

પરંપરાગત યોગમાં લક્ષ્ય હમેંશા અથવા તો સામાન્ય રીતે આત્મ-સાક્ષાત્કાર થાય તે હોય છે. જ્યારે પૂર્ણયોગમાં પરમ ચેતનાનો આવિર્ભાવ સર્વ સ્તરે, સર્વ કક્ષાએ અને સમગ્ર રીતે કરવાનો હોય છે.

પ્રથમ તો મન, પ્રાણ અને શરીર આ બાબતે ધીરે ધીરે સમજણ પ્રાપ્ત કરે છે, જે સ્વાભાવિક રીતે સીમિત અને અધકચરી હોય છે. ભાગલા અને વિભાજન દ્વારા જ્ઞાન મેળવવાનો પ્રયત્ન હોય છે, છતાં તેમાં પણ પાર્શ્વભૂમિમાં ચૈત્યપુરુષનું સંચાલન હોય છે. અપરા પ્રકૃતિના પડળોની નીચેથી ચૈત્યપુરુષના આવતાં દિવ્ય આંદોલનો હોય છે જે મન, પ્રાણ અને શરીર તેમની ક્ષમતા અનુસાર ઝીલે છે અને અપરા પ્રકૃતિમાં સ્થિર એવા અહંકારને વશ થઈને કાર્ય કરે છે.

આ કરણો - મન, પ્રાણ અને શરીરનું-રૂપાંતર અનિવાર્ય છે, કારણ કે લક્ષ્ય પણ પરંપરાગત યોગો કરતાં જુદા જ પ્રકારનું છે. પરમ પ્રભુ આ પૃથ્વીમાં સાક્ષાત અને પૂર્ણરીતે પ્રગટ થાય અને વિચરે તે જ આ યોગનું લક્ષ્ય છે. કોઈપણ કક્ષા કે સ્તરને બાકાત રાખવામાં આવતા નથી.

નિસરણીનાં પગથિયાં ચડતાં હોય અને ફરીવાર તે પગથિયાંઓ સભાનરીતે ઊતરતાં હોય તે રીતે પ્રથમ ઉદ્‌ઘાટન ઊર્ધ્વ તરફ અને પછી તેનો સાક્ષાત્કાર - પરમ ચેતના સાથે એકાકાર અને તે પછી તે દ્વારા સર્વે સાધન શુદ્ધિ - શુદ્ધિ જ નહિ, પરંતુ એક દિવ્ય અમોઘ પવિત્રતા - જે સર્વ કાંઈ વહન કરવાને સક્ષમ છે. આ રીતે ધીરે ધીરે પાર્થિવ તત્ત્વ પણ સહભાગી બનવા લાગે છે. આ યોગમાં ફક્ત અંતરિક્ષમાં ઘટનાઓ બને છે અને તેમાં મૂળભૂત રીતે પાર્થિવ તત્ત્વ સહભાગી ન થાય તેવું નથી. પાર્થિવ તત્ત્વમાં પરમ-ચેતનાનો પ્રવેશ અને ધારણા જ સર્વ સ્તરોએ પૂર્ણતા બક્ષતા હોય છે. પ્રભુના માધ્યમ બનવાનું આ રહસ્ય છે. જેમ દાડમ આખું પૂર્ણરીતે સર્વ દાણાઓમાં સમાવિષ્ટ છે અને તેમ છતાં પ્રત્યેક દાડમના દાણાઓનું અલગ અસ્તિત્વ હોય છે તે જ રીતે સમગ્રતામાં પૂર્ણતા વિભાજન દ્વારા નહિ, પરંતુ ઐક્ય દ્વારા સધાતી હોય છે.

આ વિવિધતામાં એકતા - Unity in diversity - પ્રથમ દૃષ્ટિએ મનને અશક્ય અને કલ્પનાવિલાસ લાગે છે, છતાં તેના જ સ્તરે વિચાર કરતાં જણાય છે કે જો મન એકસાથે અનેક વિચારો ધારણ કરે છે, પ્રગટ કરે છે અને પાછાં વિશ્વ-પ્રકૃતિમાં ફગાવી દે છે તો આ સાવ સામાન્ય સ્તરની વિવિધતા છતાં એક સાથે બનતી પ્રવૃત્તિ મનમાં એક સંગતતા લાવે છે. આ યાંત્રિક પ્રવૃત્તિને દિવ્ય બનાવી શકાય છે. મને પોતાને જ પરમચેતનાનો આવિર્ભાવ છે તેમ માનતા થવાનું છે. ચૈત્યપુરુષના સંચાલનમાં આવતાં જ મન ચૈત્યપુરુષ દ્વારા શ્રી'મા'ને સમર્પિત થતાં શીખે છે. આ સમર્પણભાવ એક પછી એક એમ ઉચ્ચ શિખરો સર કરતો જાય છે અને પછી એવી સ્થિતિ આવે છે, જ્યાં મન સંપૂર્ણપણે પરમ ચેતનામાં વિલિન હોય છે અને છતાં પોતાના દ્વારા પરમ-પ્રભુનું કાર્ય કરતું હોય છે. પૂર્ણયોગના આદર્શને ચૈત્યપુરુષ દ્વારા સ્વીકાર કરતાં જ આ ઘટનાઓ બનવા લાગે છે. પાશ્વભૂમિમાં પ્રથમ તો શ્રી'મા'ની ઝાંખી - શ્રી અરવિન્દ મહાપ્રભુની હાજરી આવીને ઊભી રહી જાય છે. સ્વીકારને જાણે પ્રભુની મહોર મારવામાં આવે છે અને દિવ્ય પસંદગી થતાં જ ચૈત્યપુરુષ પોતાની યોગયાત્રા સભાન રીતે આરંભે છે.

પ્રાણની કક્ષા થોડા જુદા જ પ્રકારની છે. સિંહ જેવો પ્રાણ જાણે ખૂંખાર ભાસે છે અને પોતાના અજ્ઞાનમાં એક અમાપ શક્તિના ભંડારનો જાણે સંપૂર્ણપણે પ્રભુવિરોધી ઉપયોગ કરતો હોય તેવું લાગે છે. ચૈત્યપુરુષનો વિસ્તાર પ્રસરતાં જ પ્રાણ પણ જાણે દિવ્ય રીતે

(પૃ. ૪૦ ઉપર)

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ફેબ્રુઆરીનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

જીવન : પ્રભુની લીલા

સમજૂતી - માનસિંહ ચાવડા

દડાને પોતાના અનુભવો કેવા લાગતા હશે તે વિચારથી મને આશ્ચર્ય થાય છે ! કોઈ તેને ખૂબ જ ઊંચે વ્યવસ્થિત રીતે ફેંકે તો દડાને પોતાનું સ્વાતંત્ર્ય અનુભવાતુ હશે. ઘણી વખત તેને ઝનૂનથી એવી રીતે ફેંકવામાં આવે કે જેની સાથે અફળાય તેને ભાંગી - તોડી નાંખે ! ઘણી વખત એક હાથમાંથી બીજા હાથમાંની હળવી ફેંકાફેંક; એક ક્ષણે અહીં બીજી ક્ષણે ત્યાં ! સામેવાળાને ચીડવતા દડા ફેંક, નિશાન તાકતા દડાફેંક, વિવિધતાનો પાર નહિ !

ઘણાને તેમનું જીવન આમ જ કરે છે. તે ઉપર મુજબ જ આપણને વિવિધરીતે ઉલાળે છે. કદાચ આપણને એ શીખવે છે કે આપણે બધી જ પરિસ્થિતિમાં અવિચળ અને શાંત રહેવું - પછી ભલે તે ઉલાળિયો હળવો હોય કે ભારે ! આ ભારે ઘડો લેતી વખતે આપણને એક વસ્તુ આપણને સાંત્વના આપશે, જો આપણે એમ સમજીએ કે આપણાથી રમનારા પરમ-પ્રભુ પોતે જ છે તો ! આપણને ખરેખર આકંઠ વિશ્વાસ બેસી જાય કે પ્રભુ જ આપણને રમાડી રહ્યાં છે; તો આપણે ડરવાનું કે ચિંતિત થવાનું કારણ નથી. કારણ પ્રભુ પોતાના દડાને નીચે પડવા નહિ જ દે.

(જીવનનાં સુખદુઃખો દ્વારા પ્રભુ આપણને પોતાના જેવો જ ઘડવા માંગે છે. તે ઘડામણ ભાંગતોડ નથી, પણ પ્રભુને પોતાના બાળકને પોતાની જ પ્રતિકૃતિ કરવાની જહેમત છે અને પ્રભુના પ્રયત્નો અસફળ થવાની શક્યતા જ નથી. તેથી આશ્વસ્ત બની સમતા જાળવી રાખો. આપણા જીવનમાં પણ મંગલપ્રભાત ઊગી નીકળવાની જ છે)

- માનસિંહ ચાવડા

આખ્યાન રહસ્ય

નૂતન - સ્વર્ગનું નિર્માણ

પ્રકરણ - ૪

ચંદ્ર અને સૂર્યવંશના આર્યો પંચનદીના પ્રદેશમાં પાસેપાસે રહેતા હતા. ઉત્તર પથમાં સૂર્યવંશી, તો દક્ષિણ પથમાં ચંદ્રવંશી. જીવનમાં પરાક્રમો કરી ઐહિક-જીવન સુખોથી ભરી દેવાની તમન્ના સૂયંવંશી આર્યો રાખતા. તેઓ ઈંદ્રાદિ દેવોનાં સૂક્તો ગાતાં. યજ્ઞો કરતાં અને સ્વર્ગે જવાની તૈયારી રાખતા. આમ ભૂક્તિ અને મુક્તિનાં તેઓ આશિક હતાં. તેઓ માનતાં કે ભૌતિક જીવન તો સમૃદ્ધ જોઈએ જ પણ સ્વર્ગલોક પણ મેળવવાની તૈયારી આ ભૌતિક - જીવનમાં જ કરવાની હોય છે. તેમના વંશમાં જ રામ જેવા પરાક્રમી રાજા ભવિષ્યમાં થવાના હતાં. તેમની રાજ્ય વ્યવસ્થા સુંદર હતી. સમાજ વ્યવસ્થા ન્યાયપૂર્ણ હતી.

તેમની જાહોજલાલી અને સુખ જોઈને ચંદ્રવંશી આર્યોને ઘણી વખત પોતાની ન્યૂનતાની શરમ આવતી. પોતાના ભૌતિક દારિદ્રય, અન્યાયી રાજ્ય- વ્યવસ્થા અને સામાજિક દૂષણોથી તેઓ ન્યુનગંડથી પિડાતા. ચંદ્રવંશમાં ભવિષ્યમાં થનાર મહાન રાજા એટલે કૃષ્ણ. ભરતવંશ એ ચંદ્રવંશીય આર્યોમાંનો પ્રમુખ વંશ. તેઓ કાવ્યો, કલ્પનાવિલાસ, વ્યસનો, દ્યૂત અને શરાબના શોખીન હતાં. નૈતિક જીવન રસાતળે પહોંચેલું. બળિયાના બે ભાગ એ ત્યાંની નીતિ. રાજા એશોઆરામ, અન્યાય અને દમનમાં જ માનતા.

આ ભરતવંશના પુરોહિત હતા વિશ્વામિત્ર ઋષિ. તેઓ ઉગ્ર સાધનામાં રત હતાં. વિશ્વામિત્રને સપ્તર્ષિમાં સ્થાન જોઈતું હતું, પણ તેમના પૌરુહિતપણા નીચેની પ્રજાનું જીવન-સ્તર જોઈને વશિષ્ઠ તેમનો વિરોધ કરતા. તેથી વિશ્વામિત્ર પોતાની પ્રજાને સત્યમાર્ગે લાવવા એવી દિવ્ય-શક્તિ મેળવવા માગતા હતા કે તેમની ભ્રષ્ટબુદ્ધિ શુદ્ધ થાય અને તેઓ સૂયંવંશીના જેમ જ પ્રતાપવાન પ્રજા બને.

પણ વિશ્વામિત્રના વિચારો ક્રાંતિકારક હતાં. તેઓ એવા સ્વર્ગની ઈચ્છા નહોતા રાખતા, જેમાં સત્કર્મોના ક્ષય પછી સ્વર્ગ છોડવું પડે. તેઓ આ જ જગતમાં સ્વર્ગ રચવા માંગતાં હતાં, ત્યાં એક ઘટના બની.

ભરતવંશીય રાજવીઓ, શ્રેષ્ઠીઓ અને પ્રમુખ પૌરવાસીઓએ એક સામૂહિક રજૂઆત કરી. આપણા પ્રદેશને વૈભવશાળી બનાવવા આપણે સૂર્યવંશી આર્યોની

વિચારસરણીને સ્વીકારીએ. તેમને શ્રદ્ધા હતી કે તેમના પુરોહિત આ વ્યાજબી રજૂઆત માન્ય કરશે, પણ વિશ્વામિત્રે તેમને તેના કરતાં શ્રેષ્ઠ ઉપાય દર્શાવવાનો નિર્ણય લીધો અને અહીં જ સ્વર્ગ રચવાનો પ્રયોગ કરવાની હિમાયત કરી, જેમાંથી પતન પામવાની કોઈ શક્યતા નથી. ભરતવંશીય પૌરજનો ગેલમાં આવી ગયાં, કારણ તેથી તેમનું સ્વાભિમાન પણ અકબંધ રહેતું હતું અને જીવન પણ વૈભવશાળી બનવાનું હતું.

વિશ્વામિત્રે પોતાની આધ્યાત્મિક શોધ જાહેર કરી તે હતી ગાયત્રી મંત્રની. સૂર્યમાં બે શક્તિ છે - જ્ઞાન-શક્તિ અને સર્જન-શક્તિ, તેની પ્રકાશ-શક્તિ અને સર્જન-શક્તિ. તેનો પ્રકાશ બુદ્ધિ ઝીલે તો બુદ્ધિમાં આધ્યાત્મિક સત્યો પ્રગટ થવા માંડે છે અને બુદ્ધિ 'ઋતંભરા' બની જાય છે. હજી જગતમાં અપ્રગટ રહેલાં સત્યોને જગતમાં પ્રગટ કરવાની પદ્ધતિ તેઓ જાણતા થાય છે. આ રીતે સત્યનું જ્ઞાન થવું એ છે ગાયત્રી-શક્તિ અને તેને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવાની ક્ષમતા નિર્માણ કરવી તે છે સાવિત્રી-શક્તિ. વિશ્વામિત્રે આ આધ્યાત્મિક-શોધ સપ્તર્ષિઓને જણાવતા જ તેમણે તેમને સપ્તર્ષિમાં સ્થાન આપ્યું.

વિશ્વામિત્રે ગાયત્રીનો સાક્ષાત્કાર કરેલો. હવે સાવિત્રીની સાધના શરૂ કરી. તેમનો વિચાર હતો કે સાવિત્રી-શક્તિનાં બળે તેઓ સદેહે માણસને સ્વર્ગે મોકલી શકશે.

વિશ્વામિત્રની તર્કયુક્ત દલીલ એ હતી કે જો મારી વ્યક્તિગત સંકલ્પશક્તિ જગત રચનારી વૈશ્વિક-સંકલ્પ-શક્તિનો જ અંશ હોય અને તે વૈશ્વિક સંકલ્પ-શક્તિ મારા મનમાં ઋતમ્ સ્વરૂપે સત્યો વાવી શકતી હોય તો આ પ્રક્રિયા ઊલટાવી પણ શકાય. જો હું મારી પ્રબળ સંકલ્પશક્તિથી વૈશ્વિક-સંકલ્પ-શક્તિમાં વિચારો વાવી દઉં, તો તે વાસ્તવિક થયા વગર નહીં રહે.

તેમણે આ વિચક્ષણ પ્રયોગ આદર્યો. જ્યારે તેમને લાગ્યું કે પોતાની સંકલ્પ-શક્તિ હવે તે કાર્ય કરવા સમર્થ બની છે, ત્યારે તેમણે સંકલ્પબળે ત્રિશંકુને સદેહે સ્વર્ગમાં મોકલવાનો પ્રયોગ કર્યો પણ તેમાં નિષ્ફળ ગયા.

તેમણે પોતાની ભૂલ શોધવાનું તપ આદર્યું. તેમને સત્યની ઝાંખી થવા લાગેલી. તેમને પોતાની ભૂલ જણાઈ હતી. વૈશ્વિક-સંકલ્પશક્તિએ અગાઉથી જે આયોજન કરી રાખેલું હોઈ તેના વિરુદ્ધનો તેમનો સંકલ્પ નિષ્ફળ જ જવાનો, તેથી વૈશ્વિક-સંકલ્પ-શક્તિના આયોજનને પ્રથમ સમજવું પડશે. તેમને તે બાબતનું જ્ઞાન ઋષિ-મંડળે આપ્યું.

તે મુજબ ભૌતિક સ્તરે જે ઉત્ક્રાંતિ ચાલી રહી છે તેનાં સૂક્ષ્મ સ્વરૂપો પ્રથમથી જ ઊર્ધ્વ ક્ષેત્રમાં રચાએલાં હોય છે. તેને જ 'ઋતમ્' કહે છે. તે જ્યારે ભૌતિક જગતમાં ધીમે ધીમે ક્રમશઃ આવિર્ભાવ પામે છે તેને વેદો 'વ્યાહૃતિ' કહે છે. વ્યાહૃતિનો અર્થ છે

ઊર્ધ્વ ક્ષેત્રમાંના 'ઋતમ્'ને ખાસ પ્રક્રિયા દ્વારા (વિ) નીચે અવતરણ કરાવી (આહૃતિ) ભૌતિક સ્તરે પ્રગટ કરવા.

ઊર્ધ્વમાં સપ્તલોકોની રચના કરેલી હતી. તે સપ્તલોકો એટલે - ભુઃ, ભૂર્વઃ, સ્વઃ, મહ, જન, તપ અને સત્ય. આ પૈકી પ્રથમ ત્રણ ભૌતિક સ્તરે ભૌતિક શરીર, પ્રાણમય અર્થાત્ ભાવનાત્મક શરીર અને ચિંતનમનનાત્મક શરીર તરીકે પ્રગટ થએલ છે, પણ તે હજી પૂર્ણ અવસ્થાએ વિકસિત થએલાં નથી. તેમને વિકસાવવાની યોજના વિશ્વામિત્રે વૈશ્વિક-સંકલ્પશક્તિના આ આયોજનને અનુસરીને ગોઠવી. તે માટે તેમણે ગાયત્રી મંત્રનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો. ગાયત્રી - મંત્ર ઊર્ધ્વમાંનાં જગતોને-ઋતમ્‌ને આ ભૌતિક જગતમાં ઉતરવાની એવી પ્રકાશમય અવસ્થા સર્જે છે, જેમાંથી તે ઋતમ્ તરત નીચે ઊતરી તે વ્યક્તિના જીવનમાં વાસ્તવિક બનવા લાગે છે.

વિશ્વામિત્ર એ પણ જાણતા થયા કે મનની પૂર્ણાવસ્થા જ પ્રથમ સ્વર્ગ છે. તે નિમ્નપ્રકારનું સ્વર્ગ છે એટલું જ. કારણ ત્રીજા જગતને જ વેદો 'સ્વઃ' કહે છે.

તેમણે ભરતવંશીઓને ગાયત્રી - મંત્ર દ્વારા સ્વર્ગને ભૌતિક સ્તરે ઉતારવાનો રસ્તો દર્શાવ્યો. બધાંને ગાયત્રી-મંત્રની ઉપાસના કરવાનો આદેશ આપ્યો.

મગધ દેશના રાજા પુરુવસુના નેતૃત્વમાં આ જપયજ્ઞ શરૂ થયો. તેમાં વિવિધ પ્રદેશના ઋષિઓ જોડાવા મંડ્યા - દેવશ્રવા, દેવવાત, કત, ઉત્કીલ, ઋષભ, ગાથીકૌશિક વગેરે. તેમાંથી સાત ઋત્વિજો નક્કી થયાં અને આ રાષ્ટ્રીય જપયજ્ઞ શરૂ થયો.

લોકોની બુદ્ધિ શુદ્ધ થતા તેમનાં જીવનધોરણો સુધર્યાં અને ભરતવંશ એક પ્રખ્યાત સંસ્કારી વંશ તરીકે આગળ આવ્યો. નૂતન સ્વર્ગનો જાણે પાયો રચાયો !

(પૃ. ૨૬ ઉપરથી)

વેદનું રહસ્ય

જેમ વેદાંતનાં બીજ વેદોમાં છે, તેમ પ્રચલિત યોગ-સાધનાનાં બીજ પણ વેદોની આંતર યજ્ઞપ્રક્રિયામાં જ છે.

દેવો સત્ય અને પ્રકાશની શક્તિનાં જ વિવિધ વ્યક્તિ-સ્વરૂપો છે. તે બધાં જ સત્યનાં જ વિવિધ પાસાં-સ્વરૂપ છે.

વેદોમાંનું આ જીવંત સત્ય આપણે જીવંત શબ્દો દ્વારા જ પ્રગટ કરવું પડશે. અર્થાત્ પ્રતીકાત્મક શબ્દોનાં અર્થઘટનો કરવામાં ખૂબ જ કાળજી લેવી જરૂરી છે. સંસ્કૃત પ્રાચીન ભાષા છે. તેમાંના ભાષા-પ્રયોગો અથવા લઢણોનો અર્થ તર્કથી જ, અનુમાનથી જ આપણે સુસંગતતા ધ્યાનમાં લઈ શોધવા પડશે.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

પ્રાણતત્ત્વનું (વાસનાઓનું) રૂપાંતર કેવી રીતે કરશો ?

પ્રકરણ - ૬

(Light for students - P. 45-53)

૧ પ્રાણમય પુરુષમાંથી જ સહજ પ્રવૃત્તિઓ અને ઈચ્છા, વાસનાઓ નિર્માણ થાય છે, તેમાંથી ઉત્સાહ, ક્રોધ અને વેર પણ નિર્માણ થાય છે. પૃ.૪૫

૨ પ્રાણતત્ત્વ રચનાત્મક અને વિનાશાત્મક બન્ને રીતે કામ કરે છે. પૃ.૪૫

૩ પ્રાણને કેળવવો ખૂબ જ મુશ્કેલ છે. તે માટે ધીરજ, ખંત અને સતત પ્રયત્નની જરૂર છે.પૃ.૪૫

૪ પ્રાણતત્ત્વ સારો કાર્યકર્તા છે, પણ અવિવેકી અને ઉચ્છૃંકલ છે. પૃ.૪૫

૫ તે પોતાનો સંતોષ જ ઝંખે છે. તેમાં અવરોધ થતાં તે ગાંડોતુર બને છે, યુદ્ધે ચઢે છે અથવા અસહકાર પોકારે છે. તેમાંની શક્તિ અદૃશ્ય થઈ જાય છે. તે નિરાશા, ઈર્ષા કે અસંતોષમાં ધકેલાઈ જાય છે. પૃ.૪૫

૬ માનવની જરૂરિયાતો, સપનાંઓ અને અપેક્ષાઓ ઈચ્છાઓ, વાસનાઓ તરીકે પ્રાણદ્વારા પ્રગટ થાય છે. તે વિવેક વૈરાગ્ય અને પરિત્યાગ દ્વારા જ નિયંત્રણમાં આવે છે.પૃ.૪૫

૭ સત્ય ચેતના સદા સમતા, શાંતિ અને સંતોષ દ્વારા જ પ્રગટ થાય છે.પૃ.૪૬

૮ આવેગ, અસંતોષ, દુઃખ, અવસાદ અને અસ્વસ્થતા એ શારીરિક-ચેતનામાં પ્રગટ થાય છે. અસત્યનાં આ સ્વરૂપો છે. તેમાંથી મુક્ત થવું જરૂરી છે. પૃ.૪૬

૯ બાળક તેમાં રહેલા સત્યને જ્યારે અનુસરતો નથી ત્યારે એક અંતરાત્માનો ડંખ અનુભવે છે. તેની ચેતના આંતરિક રીતે ઊંડાણમાં વિશાળતા, પૂર્ણતા, સર્વ સાથે પ્રેમ અને એકરૂપતા અનુભવતી હોય છે. તેના વિરુદ્ધના વર્તનથી તે ચેતનાને જાણે ઠેસ પહોંચે છે. આ ડંખની ઘટનાનો ઉપયોગ પ્રગતિ માટે કરવો જરૂરી છે. પૃ.૪૬

૧૦ જ્યારે બાળક તે ચેતનાને સાંભળે છે, તેને અનુસરે છે, તેના માર્ગદર્શન મુજબ જીવે છે; ત્યારે તે પોતાની આજુબાજુ એક સત્યનું, સંવાદમયતાનું, શાંતિનું વાતાવરણ રચે છે, જે બધાંને જ સ્પર્શતું હોય છે. પૃ.૪૬

૧૧ આ સત્યનું વાતાવરણ બાળકના જીવન તરફના અભિગમને જ બદલી નાંખે છે, તેથી તે જીવનની સમસ્યાઓનો આત્મવિશ્વાસથી સામનો કરી શકે છે. પૃ.૪૭

૧૨ જે વ્યક્તિ આવા સત્યના વાતાવરણને રચી શકતો નથી, તેને અનુસરી શકતો નથી. તેના જીવનમાં સ્વાર્થ, સંઘર્ષ, દુરેચ્છા વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. પૃ.૪૭

૧૩ જેનું સત્યનું વાતાવરણ તદ્દન નાબૂદ થઈ ગયું હોય તે બાહ્ય જીવનમાં યશસ્વી થશે પણ પેલો આત્માનો ડંખ ગુમાવી બેસશે (તેનો આત્મા મરી પરવાર્યો છે એમ કહેવાય છે.)પૃ.૪૭

૧૪ જેમનું સત્યનું વાતાવરણ નબળું પડી ગયું છે પણ આત્માનો ડંખ જીવંત છે, તેઓને કુદરત બહારનું યશ અને સુવિધા ઓછી આપે છે, છતાં તે ભાગ્યવાન છે કારણ તેમના વિકાસની શક્યતા રહેલી છે. પૃ.૪૭

૧૫ પ્રાણતત્ત્વના રૂપાંતર માટેના નીચેનાં પગથિયાં છે. પ્રથમ તો, પ્રાણના રૂપાંતર કરવાનો દૃઢ સંકલ્પ હોવો જોઈએ. બીજું, અભીપ્સા અને પ્રામાણિકતા. ત્રીજું, વિવેકબુદ્ધિ અર્થાત્ આંતરિક પ્રક્રિયાઓનું સ્પષ્ટજ્ઞાન અને સમજણ. પૃ.૪૮

૧૬ તે પ્રક્રિયા શું રમત રમે છે તે ઓળખો. શું બાકાત રાખે છે? શું ઉમેરે છે? તેની ફેરફાર કરવાની રીત કઈ છે? ચેતનામાં પ્રાણની દખલગીરીથી શું તફાવત પડે છે? પૃ.૪૮

૧૭ આ સમજણથી બે વસ્તુ બને છે. એક, સમજણ આવતા જ તમારો આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધે છે. આંતરિક આંટીઘૂંટીઓ કેવી અટપટી છે તે સમજાય છે. કાર્ય ખૂબ જ અઘરું છે એવું લાગે છે. આ પણ પ્રાણનું જ કાર્ય છે, કારણ તેને પોતાનું રૂપાંતર ગમતું નથી; તેથી ટલ્લે ચડાવવા માંગે છે. આ વસ્તુ નિરાશા, આત્મવિશ્વાસમાં ઓટ, શંકા-કુશંકા નિર્માણ કરે છે. પૃ.૪૯

૧૮ બન્ને પ્રકારના ઘટનાની પોતાની સમસ્યાઓ અને મુશ્કેલીઓ છે. પ્રાણનો ઉતાવળિયો સ્વભાવ એ જ આનું મૂળ કારણ છે. પૃ.૪૯

૧૯ પ્રાણને સમજાવો, ''મિત્ર, શાંત થા. હું કહું એમ તારે શાંતિથી કરવાનું છે, બસ. તારામાં અગાધશક્તિ છે, પણ તેનો વ્યય ન થવા દેવો જોઈએ. આપણે આ તારી શક્તિની જરૂરિયાત લાંબો કાળ જોશે. જ્યારે જરૂર પડશે ત્યારે હું તને જરૂર કહીશ તારામાં ઘણી બધી સદ્ભાવના છે તેથી જરૂર પડે ત્યારે તું પોતાને સમર્પિત જરૂર

(પૃ.૨૪ ઉપર)

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

પરિપૂર્ણ સમત્વ

પ્રકરણ - ૭

(ખંડ-૨, પૃ.૪૭-૫૦) (તા.૧૧-૧૨-૨૩)

સમજૂતી - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દ : આપણા યોગમાં પરિપૂર્ણ સમતાની અત્યંત જરૂરિયાત છે, કારણ ઉચ્ચતર - ચેતનાના અવતરણ સાથે અનેક ક્ષમતાઓ પણ વિકસે છે. તેમાં પ્રચંડ પ્રાણમય શક્તિઓનો પણ સમાવેશ થાય છે. જો સમતા, વિવેક અને નિર્લેપતા નહીં હોય તો પ્રાણમય શક્તિઓ તે વ્યક્તિનો કબજો લઈ લે છે, તેથી આ યોગમાં અંધશ્રદ્ધાળુ કરતાં અશ્રદ્ધાળુ અને બૌદ્ધિક માણસ વધારે સુરક્ષિત હોય છે, કારણ તે સૂક્ષ્મ ભૂમિકાઓના અસ્તિત્ત્વને જ નકારે છે, તેથી તે તેમના પ્રત્યે ખુલ્લો થતો નથી.

શિષ્ય : પણ લોકોની માન્યતા એવી છે કે જેનાં સ્ક્રૂ (બુદ્ધિ) વધારે ઢીલાં તે સારો યોગ કરી શકે તેનું શું? (હસાહસ)

બીજો શિષ્ય : બીજું, જે બૌદ્ધિક હોય છે તે વધારે ભૌતિકવાદી પણ હોય છે. તે યોગમાં અંતરાયરૂપ બને છે.

શ્રી અરવિન્દ : કોઈપણ એકાંગી વિકાસ કે વિચાર અપકારક બની શકે છે. મને આ યોગમાં પરિપૂર્ણ સમતુલાને કારણે જ પૂરેપૂરું સંરક્ષણ મળેલ છે. હું દરેક વસ્તુ માટે શંકા લેતો અને અનુભવો બાદ જ સ્વીકારતો. જો તેમ ન કરત તો હું વિજયકૃષ્ણ ગોસ્વામી જેવો બની જાત.

શિષ્ય : પરિપૂર્ણ સમતુલા એટલે શું?

શ્રી અરવિન્દ : પરિપૂર્ણ યોનિમાં બળવાન કલ્પનાશક્તિ હોય છે. તે બધી વસ્તુઓની શક્યતા માને છે. સાથેસાથે તેવા યોનિમાં બળવાન તર્કશક્તિ પણ હોય છે. તે કલ્પનાની ન્યાયસંગતતા ચકાસીને નિર્ણય લે છે. કલ્પનાશક્તિ એટલે જીવનનાં સર્વસામાન્ય અનુભવોથી પર રહેલ વાસ્તવિકતાઓ બાબતનો અંદાજ બાંધવાની શક્તિ.

શિષ્ય : શું આવી કલ્પનાશક્તિ કોઈ ઊર્ધ્વ-શક્તિનો આવિર્ભાવ હોય છે?

શ્રી અરવિન્દ : હા, તે આંતરપ્રેરણા, આંતરદર્શન સ્વરૂપની હોય છે. મનની વિવિધ શક્તિઓ છે. તેમાંની આંતરપ્રેરણા કે દર્શના એક ક્ષમતા છે. બુદ્ધિ મનની આવી વિવિધ ક્ષમતાઓનું મૂલ્યાંકન કરે છે, પણ આ પસંદગી-સ્વરૂપનું હોય છે. ઊર્ધ્વમાં ચેતનાની જે

વિશાળ ગતિ પ્રાપ્ત થાય છે તેમાં બુદ્ધિને વિરુદ્ધ લાગતી શક્યતાઓનો પણ એક જ સત્યના ભિન્ન પાસા તરીકે દર્શન થાય છે અને તેથી તેમનો સમન્વય કરી શકાય છે.

શિષ્ય : તો પછી અતિમનસમાં બધું સરખું જ હશે. ત્યાં ઉચ્ચનીચનો ભેદ નહીં હોય, બરાબર ને ?

શ્રી અરવિન્દ : અતિમનસ કાંઈ એકધારો સપાટ પ્રદેશ નથી. તેમાં પણ વિવિધતા છે. વિવિધતા અને એકતા પણ ત્યાં સમન્વયમાં ન રહી શકે ? અતિમનસ-યોગીઓમાં પણ કક્ષાભેદ અને પ્રકૃતિભેદ હોઈ શકે છે.

શિષ્ય : જો બુદ્ધિ પસંદગી જ કરતી હોય તો તે માર્ગદર્શન કેવી રીતે આપશે ?

શ્રી અરવિન્દ : બુદ્ધિ તમને તટસ્થ નિરીક્ષણ કરતા શીખવશે. આંતરપ્રેરણા તમને બાહ્યસ્વરૂપ પાછળની શક્તિઓને, સત્યને જાણતા શીખવશે, તેથી તમે વિવેક કરી શકશો.

શિષ્ય : સમતુલાને કેવી રીતે વિકસાવવી ?

શ્રી અરવિન્દ : વિકસેલી ક્ષમતાઓનું વધુ પડતું મહત્ત્વ આપવાનું છોડો. તેમને અયોગ્ય મહત્ત્વ આપવાનું છોડો. તેમને યોગ્ય મહત્તામાં રાખો. અવિકસિત, દબાએલી, ક્ષમતાઓને વિકસાવો. સર્વાંગી વિકાસ સાધશો તો સમતુલા પોતાની મેળે ગોઠવાઈ જશે.

(પૃ.૩૨ ઉપરથી)

યોગ પર દીપ્તિઓ

ઘડાવાં માંડે છે. આસક્તિઓને નષ્ટ કરતાં કરતાં તેની જગ્યાએ પ્રભુકાર્યની ઉદાત્ત ભાવનાઓ પ્રગટ કરવા માંડે છે. ખૂંખાર સિંહ જાણે હવે 'મા'ના ચરણોમાં સમર્પિત બની જાય છે. 'મા'ના આદેશ મુજબના કાર્યમાં સંકલ્પબદ્ધ બની જાય છે ! 'મા'નો હુકમ થતાં જ કાર્યને પાર પાડવા ધસી પડે છે. આ દિવ્ય પ્રાણની શક્તિઓ અને તે દ્વારા સાધનાની ક્રિયાઓ સાધકના ધ્યાનમાં આવતી જાય છે.

શરીર પણ પોતાની જૂની ટેવો, સંસ્કારો, તમસ વગેરેમાંથી ધીરે ધીરે બહાર આવતું જણાય છે. ચૈત્યપુરુષનો પ્રભાવ હવે છેક પાર્થિવ તત્ત્વ સુધી પડવા લાગે છે. ચૈત્યપુરુષ દ્વારા પરમ-ચેતના જાણે દિવ્ય આંદોલનો મોકલીને પાર્થિવ તત્ત્વને ઝંકૃત કરે છે. જાણે શરીરમાં પણ પરમ ચેતના જાગૃત થવા માંડે છે. શરીરમાં એક પ્રકારની દિવ્ય સભાનતા આવવા માંડે છે. સભાનતા આવતાં જ વિશાળતાની અનુભૂતિની વણજાર ચાલુ થાય છે. આ વિશાળતામાં સાધકની અપરા પ્રકૃતિની પકડ છૂટવા માંડે છે અને સાધક જાણે હળવો બનીને એક શક્તિસભર ઉત્સાહથી કાર્ય કરતો હોય છે.

કરણોનાં દિવ્ય રૂપાંતર વગર પૂર્ણયોગની સાધના શક્ય જ નથી.

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

Aphorisms

(માતૃવાણી ભા-૧૦, પૃ.૧૩-૧૭) પ્રકરણ-૫

આગામી ઉત્ક્રાંતિની ઝાંખી

સમજૂતી - માનસિંહ ચાવડા

માનવજાતિને એ સહેજ પણ ઝાંખી થઈ આવે કે આપણે આપણા પશુ રીતના વિકાસક્રમમાં જે અનેક પ્રદેશોને હજી જીતી શક્યાં નથી એ પ્રદેશોમાં કેટલા બધા તો અનંત આનંદો, કેટલી બધી પૂર્ણશક્તિઓ, સહજજ્ઞાનના કેવા તો તેજોમય વિસ્તારો, આપણા સ્વરૂપની કેવી કેવી તો વિશાળ શાંત અવસ્થાઓ, આપણી રાહ જોતાં આવી રહેલાં છે, તો લોકો પોતાનું સર્વસ્વ છોડી દઈને જ નીકળી પડે અને આ રત્નભંડારોને મેળવી લે નહિ ત્યાં સુધી કદી જંપે જ નહિ. પરંતુ માર્ગ સાંકડો છે, બારણાં ખોલવાં ઘણા કઠણ છે, અને ભય, અવિશ્વાસ, શંકાશીલતા, કુદરતના એ ચોકીદાર ત્યાં પહેરો ભરતાં ખડાં છે અને આપણને જીવનનાં સામાન્ય ગોચરોમાં ચરવાનું પડતું મૂકી ત્યાંથી આપણા કદમ ફેરવી લઈએ એની આપણને મનાઈ કરી રહ્યાં છે (૫)

અહીં 'સહેજ જ ઝાંખી થઈ આવે'ના બે અર્થ થાય છે :

૧ કોઈ પ્રયત્ન વગર સહજ રીતે ઝાંખી થવી

૨ ફક્ત એક અલપઝલપ ક્ષણમાત્રની ઝાંખી થવી. સામાન્ય માણસને પોતાની ઉત્ક્રાંતિમાં હજી ઘણુંબધું કરવાનું બાકી છે તેની ઝાંખી સહજ રીતે થતી નથી, પણ ગંભીર અભ્યાસ બાદ જ તેને તેવી સમજણ વિકસે છે.

પણ યોગીને પોતાની સાધના દરમિયાન ઘણી વખત આ બાકી કાર્યની ઝાંખી એક ક્ષણમાત્ર પૂરતી આપી દેવામાં આવે છે અને તેને ખ્યાલ આવે છે કે તેણે હજી ઉત્ક્રાંતિમાં તો પા-પા પગલી જ શરૂ કરી છે. માનવી-જીવનનાં અસ્તિત્વમાં તેણે શોધવાનાં અમર આનંદો, અસીમ દિવ્ય-શક્તિઓ, આંતરપ્રેરણાત્મક દિવ્યજ્ઞાનની ક્ષમતાઓ, નીરવ ચેતનાનાં શાંત વિશાળ વિસ્તારો, હજી તો વિકસ્યા જ નથી. તેમને વિકસાવવાની જરૂર છે. તેઓ પોતાના ક્રમની જાણે વાટ જોઈ રહ્યાં છે.

આ જો હકીકત યોગીના મનમાં ઊતરી જાય તો આ બધાની પ્રાપ્તિ માટે તે દિનરાત પ્રયત્નો કરતો રહે અને મેળવી ન લે ત્યાં સુધી જંપે પણ નહિ.

પણ આ રત્નભંડારો કાંઈ બેવારસી નથી પડેલાં. તેમની આજુબાજુ કોઈ તેમને ચોરી ન જાય તેનો લોખંડી પહેરો છે. તે ચોકીદારો છે યોગીના મનમાં ડોકાતી શંકાઓ, અથવા

અવિશ્વાસ અને આ ગૂઢ વસ્તુઓ બાબત લાગતો અનામી ભય. તેથી સામાન્ય માનવ તો આ બધી લપમાં પડતો નથી અને તે દેખાય છે તેનો આનંદ પોતે સમજે છે, તે રીતે ભોગવીને જીવન પૂરું કરવા માંગે છે. જાણે તેને પેલા રત્ન-ભંડારો તરફ જોવાની પણ મનાઈ ફરમાવવામાં આવી છે !

માનવજાતિને આવી સમજણ જ નથી. જો હોત તો તેઓ આ ભૌતિક જીવનમાં જ રચ્યાંપચ્યાં ન હોત.

ગણ્યાગાંઠ્યા ચૂંટાએલ આત્માઓને જ ઉપરનાં દર્શન થાય છે અને તે ક્ષણિક દર્શન તેમના જીવનમાં ક્રાંતિ લાવે છે. પણ તેને તે રત્નો મેળવવાનો કપરો જંગ તો ખેલવવાનો જ હોય છે. આ જંગ જન્મોજન્મ ચાલે છે. તેમને પ્રથમ તો આ કપરી સાધનાનો ભય જીતવો પડે છે. બીજું, જે માર્ગે જવાનું છે તે વણખેડાએલો છે, જાતે જ ચાતરવાનો છે. સમજો આ ભય જીતી લીધો તો વળી એક સમસ્યા ઊભી છે. બુદ્ધિમાં શંકા-કુશંકા આવે છે કે આ જે સમજુ છું તે વાસ્તવિકતા છે કે પછી મનનાં ખેલ માત્ર - ભ્રામક ધ્યેયો છે ! આ શંકાકુશંકા અનેક પુરાવારૂપ અનુભૂતિઓ સાધકને મળવા છતાં જલદી નષ્ટ થતી નથી. જે સમાજમાં, વાતાવરણમાં રહીએ છીએ તે આવી શંકાકુશંકાઓથી ભરેલું છે. ભૌતિકવાદે તો શંકાકુશંકાઓને વૈજ્ઞાનિકરૂપ આપીને વધારે મજબૂત કરેલ છે.

સમજો, તે માટે પ્રભુએ તમને અનુભૂતિઓ આપી તો તમે કહો છો : ''આવા મનના ખેલથી હું ભરમાઉં એવો નથી.''

આ બધાનું કારણ વિશ્વપ્રકૃતિની ટેવ છે. વિશ્વપ્રકૃતિ સામે અનંતકાળ પડેલો હોવાથી તેને જરા પણ ઉતાવળ નથી. બીજું, તે પૂર્ણતાની આગ્રહી હોવાથી નવ-રચનામાં શંકા લઈ તેને પૂરેપૂરી કસોટીના એરણે ચડાવી દે છે. આનો સરળ ઉપાય અમુક યોગીઓ દર્શાવે છે. બસ, આ પ્રકૃતિના ક્રિયાકલાપોમાંથી ઉપર ઊઠી જાઓ. બહાર નીકળી જાઓ. પ્રશ્ન જડમૂળથી જ કાપી નાંખો, પછી પ્રકૃતિ અનંતકાળ સુધી પોતાના પ્રયોગોમાં મથતી રહે તો આપણે શું તેની સાથે લેવાદેવા !

બીજા એવા છે કે આ અપૂર્ણ જીવનને પૂર્ણતા બક્ષવી જ પડશે. ભલે હજારો વર્ષ લાગે, આ પશુતુલ્ય જીવન સાચું જીવન જ નથી, એમ માને છે.

આ નિશ્ચય થતાં જ પેલા ત્રણ શત્રુ - ભય, શંકા અને પોતા ઉપરનાં અવિશ્વાસ, આત્મશ્રદ્ધાનો અભાવ, ત્રણેને જીતવાની હિંમત આવી જાય છે. ધીમેધીમે આત્મવિશ્વાસ વધતો જાય છે, કારણ પ્રભુની મદદ મળતી જાય છે. બધાંની જ અંતિમ નિયતિ આ જ છે. આજે નહિ તો કાલે ભૌતિક-જીવનમાં જ અટવાઈને આંતરજગતોનાં રહસ્યોને તરછોડવાની ભૂમિકા તને છોડવી જ પડશે, વિષચક્રને ભેદવું જ પડશે, ઉત્ક્રાંત થવું જ પડશે, કુદરત જ તમને ધકેલશે, દબાણ લાવીને, વિપત્તિઓ સર્જીને.

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૮૭-૯૧) **અવતરણો**

પ્રકરણ - ૧૩

મનની અલિપ્તતા (નિર્લેપતા)

1 One step towards it (grown consciousness) is to get the inner consciousness separate from the body. P.87

2 This detachment of the mind must be strengthened by a certain attitude of indifference..... P.87

3 We have must not to fall into violent asceticisoms of positive neglect of the physical frame.P.87

4 ..... They (habits of life depending on food) can be trained to a greater potentially of vigour by learning to rely on the secret fountains of mental and vital energy. P.88

5 The mind will gradually learn to take up towards the body the true attitude of the Purusha. First of all, it will know the mental Purusha as the upholder of the body..... secondly, ... the mind will come to know the Purusha seated within it as, first, the witness of observer of the movements and secondly, the knower or perceiver of the experiences.... This is initial liberation of the mental being. P.89

6 (By the mastery of mind over body), The mind will come to know the Purusha in the mind as the master of Nature whose sanction is necessory to her movements. P.89

7 Meanwhile the power of the mind to set right the disorders of the body whether by conscious manipulation of vital force or by simple mental fiat will immensely increase. P.90

8 Her (Nature) essential aim is to lead the Purusha to conscious mastery over herself. P.91

9 Breaking of our limitations can be a higher and more enduring perfection to come.P.91

10 The body becomes more plastic and responsive and fit and perfect instrument of action of the spirit.P.91

સમજૂતી - માનસિંહ ચાવડા

શરીરની ચેતના શરીર સાથે એકરૂપ થઈને શરીરમાં થતી ઘટનાઓ અને પ્રક્રિયાઓ પોતામાં થઈ રહી છે એવું અનુભવે છે. માંદગી અને રોગોનો અનુભવ આ કારણે થાય છે, તેથી શરીરની ચેતનામાં રોગનિવારણ ક્ષમતા બાબત વિશ્વાસ જગવવો જરૂરી છે. તે માટેનું પ્રથમ પગલું છે શારીરિક ચેતનાને શરીરથી જુદી પાડવાનો અભ્યાસ. તેને કારણે શારીરિક-ચેતનાનું ખરું સ્વરૂપ શું છે તે અનુભવાય છે અને તેમાં જરૂરી ફેરફારો કરવા શક્ય બને છે. આ નિર્લેપતાનો ભાવ ફક્ત કલ્પના હોતી નથી, પણ શરીર કાર્ય કરતું હોય ત્યારે પણ તે કાર્ય દરમિયાન અનુભવાય છે, શરીર પ્રત્યે તદ્દન નિરપેક્ષભાવ સ્થાપીને આ શારીરિક-ચેતનાની નિર્લેપતાને આપણે વધારે મજબૂત કરી શકીએ છીએ.

પણ તેના માટે કઠોર તપશ્ચર્યા કરી શરીર-પીડનનો માર્ગ નથી અથવા શરીર પ્રત્યે ધૃણા કે નિષ્કાળજી દર્શાવવાની પણ જરૂર નથી. શરીર આપણા માટે કર્મ કરવાનું પ્રમુખ સાધન છે. તે સ્વસ્થ, મજબૂત, ચિરંજીવી બનાવવું જરૂરી છે. શરીરના સંચાલનમાં શારીરિક-ચેતના ઉપરાંત પ્રાણમય ચેતના, મનોમય ચેતના વગેરે પણ સક્રિય હોય જ છે. દરેકનો સ્વતંત્ર રીતે અનુભવ કરવો જરૂરી છે. એમ ન સમજવું જોઈએ કે મનની શુદ્ધતા, શરીરની શુદ્ધતા અને અન્નની શુદ્ધતા ઉપર જ આધારિત છે. આહાર એ દરેકની પોતાની, સમાજની, કુટુંબની ટેવોને કારણે નક્કી થતો હોય છે. ખરેખર વાસ્તવિકતા તો એ છે કે મનની અથવા પ્રાણની ક્ષમતાઓ નબળી પાડ્યા વગર આહારને ઘણો ઘટાડી શકાય છે. તે વખતે વ્યક્તિએ પોતાના સ્વરૂપમાં રહેલા ગુપ્ત ઊર્જાસ્રોતોને શોધીને ત્યાંથી ઊર્જા મેળવવાની ક્ષમતા વિકસાવવી પડે છે.

ખરેખર તે માટે શરીર તરફનો મનનો દૃષ્ટિકોણ જ બદલવાની જરૂર છે. મન પોતે એક ચેતનાનો પ્રકાર છે એ મુજબનો મનોમયપુરુષનો લાભ ધારણ કરીને શરીરનું સંચાલન કરવાનું હોય છે. આના પરિણામસ્વરૂપે પહેલો અનુભવ એ આવે છે કે વ્યક્તિ અનુભવે છે કે મનોમય પુરુષે શરીરને આધાર આપેલો છે, તે પોતે શરીર નથી. તેનું પોતાનું શારીરિક અસ્તિત્વ નથી. તેને કારણે તેને લાગે છે કે શરીર તેનું એક સાધનમાત્ર છે જેનો તે ઉપયોગ કરે છે, આવા અનુભવો દર્શાવે છે - મન શરીર પ્રત્યે સાચો દૃષ્ટિકોણ અપનાવી રહ્યું છે, તે પછી વ્યક્તિ અનુભવે છે કે

શરીરમાં રહીને મનોમયપુરુષ શરીરનાં ક્રિયાકલાપોને જોય છે અને અનુભવે છે અને તે પોતે અનુભવનો અનુભવકર્તા છે. તેને એ પણ અનુભવાય છે કે શરીરની હિલચાલ તો પ્રાકૃતિક બળોને કારણે થતી હોય છે. તે તો ફક્ત તેને સંમતિ આપતું તત્ત્વ છે. આ અનુભવોને કારણે શરીર અને મન તદ્દન જુદા પડી જશે. આ જુદાઈ જ મનને શરીર ઉપર મજબૂત નિયંત્રણ કરવામાં મદદરૂપ થાય છે. આ મનોમય પુરુષની પ્રાથમિક કક્ષાની મુક્તિ તરીકે અનુભવાય છે.

અભ્યાસથી મનોમય પુરુષને સમજાય છે કે તે તો પ્રકૃતિનો સ્વામી છે અને તે સંમતિ વગર પ્રકૃતિ કોઈ કાર્ય કરી શકતી નથી. ધીમે ધીમે પ્રકૃતિની જૂની યાંત્રિક-ટેવો ભાંગતી જશે અને પુરુષ પોતાના સંકલ્પદ્વારા પ્રકૃતિનું સંચાલન કરવા માંડશે. તેની દ્વારા તે પ્રકૃતિની બધી ગૂંચો ઉકેલવા માંડશે. તે માટે તે સંકલ્પબળે પ્રાણશક્તિનો ઉપયોગ કરશે અથવા મનોમય જે નિર્ભેળ આનંદ પ્રગટ થવા માંડે છે, તે જ તે ગૂંચોને ઉકેલી નાંખશે. તેને કારણે શરીરની અને મનની ક્ષમતાઓ પહેલાં કરતાં અનેક ગણી વધી જશે.

સારાંશ, ભૌતિકવાદે શરીરને અવાસ્તવિક મહત્ત્વ આપી જે ખોટી કલ્પનાઓ કરી છે તે કલ્પનાઓને સુધારવી પડશે. ભૌતિકવાદીઓની નૈસર્ગિક જીવન પદ્ધતિ એ ખરેખર નૈસર્ગિક હોતી નથી, તેનું આપણને ભાન થાય છે. આને કારણે બીજું એક સત્ય આપણને સમજાય છે કે મન અને શરીરના સંબંધમાં સાચો સુધારો કરવાથી બન્નેની ક્ષમતાઓ ખૂબ જ વધી જાય છે. ખરેખર તે વ્યક્તિગત પ્રાપ્તિ હોતી નથી, પણ વૈશ્વિક પ્રકૃતિ વ્યક્તિઓનો વિકાસ કરવા જે પ્રયત્ન કરી રહી છે, તેનો જ એક ભાગ - સ્વરૂપ હોય છે. તેનો હેતુ છે પુરુષતત્ત્વનું પ્રકૃતિ ઉપર પૂરેપૂરું સભાન સ્વામિત્વ નિર્માણ કરવું. આવી રીતે પોતાની મર્યાદાઓ ઓળંગીને જ ઉત્ક્રાંતિ પ્રકૃતિમાંની સહજપ્રેરણાઓ, આવેગો, અને તેમની દ્વારા વ્યક્ત થતી જીવન-શક્તિને વધારે સભાન બનાવી શકે તો તેઓ વધારે પૂર્ણતા પ્રાપ્ત કરે છે. અંતે, આંતરપ્રેરણાઓનો પ્રકાશ મેળવી તે દિવ્ય-જ્ઞાનને પણ હસ્તગત કરી શકે છે. જેમ જેમ મન ઊર્ધ્વ-કક્ષાની ચેતનાને સ્પર્શે છે, તેમ તેમ તેની આ ક્ષમતાઓ વધુ ને વધુ શુદ્ધ, સ્થાયી અને સહજ બનતી જાય છે. અંતે, તે શરીરને આત્મતત્ત્વનું પૂર્ણ, નમનીય પ્રકાશમય અને સંવેદનશીલ સાધન બનાવે છે.

''હું માનવી માનવ થાઉં તો ઘણું''

- હર્ષદ ઠકરાર

(શ્રી સુન્દરમ્‌ના જન્મદિન ૨૨ માર્ચ ૨૦૧૧ નિમિત્તે અર્પણ)

શ્રી અરવિન્દના પૂર્ણયોગની રજૂઆત સરળભાષામાં ગુજરાતી પ્રજાને સમજાવવામાં શ્રી સુન્દરમ્‌નો સિંહફાળો રહેલો છે. શ્રી સુન્દરમે્ 'દક્ષિણા' ત્રિમાસિક દ્વારા શ્રી માતાજી અને શ્રી અરવિન્દની પૂર્ણયોગની સાધનાનો રાજમાર્ગ કંડારી આપ્યો છે. આ માર્ગ દ્વારા માનવ પોતાના આચરણ દ્વારા માનવમાંથી અતિમાનવમાં રૂપાંતરિત થઈ શકે છે, તે માર્ગ શ્રી સુન્દરમે્ સ્પષ્ટ રીતે 'દક્ષિણા' દ્વારા ગુજરાતી પ્રજાને આપેલ છે.

શ્રી સુન્દરમે પૂર્ણયોગના સાધકને શ્રી અરવિન્દે સમજાવેલા ત્રણ પુરુષાર્થ અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગને કેવી રીતે આચરણમાં મૂકવાં તે પોતાના જીવન દ્વારા સમજાવેલ છે. આ ત્રણ પુરુષાર્થ દ્વારા જ માનવમાંથી અતિમાનવમાં રૂપાંતરિત થવાનો રાજમાર્ગ છે એમ સ્પષ્ટ પણ સમજાવી આપ્યું છે.

માનવમાંથી અતિમાનવમાં ઉત્ક્રાન્ત થવાના સિદ્ધાંતને સમજાવતા શ્રી માતાજી કહે છે, ''કુદરતમાં એક વિકાસનો ક્રમ ચાલી રહેલો છે. તે વિકાસમાં કુદરત આગળ ને આગળ ઊંચે ગતિ કરતી રહેલી છે એ રીતે કુદરત પથ્થરમાંથી વનસ્પતિમાં પહોંચે છે. વનસ્પતિમાંથી પ્રાણીમાં પહોંચી છે. પ્રાણીમાંથી માનવીમાં પહોંચી છે. આ વિકાસક્રમની ટોચ ઉપર આજે માનવ ઊભેલો છે. કુદરત્ ચડતીચડતી માનવ આગળ અટકી છે.''

ઉત્ક્રાંતિ માનવ આગળ શા માટે અટકી ગઈ તે સમજવા માટે મારા પરમ સ્નેહી મિત્ર એક સરસ ઉદાહરણ આપે છે કે, આપણે ધોરણ ૧૦માં પ્રવેશ મેળવવા માટે ધોરણ ૯ પાસ કરવું પડે.

હાલ માનવે માનવના ધોરણમાં પ્રવેશ મેળવ્યો છે, પરંતુ અતિમનસના ધોરણમાં પ્રવેશ મેળવવાની લાયકાત પ્રાપ્ત કરેલ નથી. એટલે કે પૂર્ણસ્વરૂપે માનવ બન્યો નથી. હાલ માનવ પાસે માનવનો પ્રાણ કે માનવનું મન નથી, એટલે તે સર્વાંગી સ્વરૂપે માનવ બન્યો નથી.

પૂર્ણસ્વરૂપે માનવ બનવાની સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરવી તેની સમજૂતી આપણને શ્રી સુન્દરમે ૧૯૩૨માં રચેલ કાવ્ય 'માનવી માનવ' દ્વારા પ્રાપ્ત થાય છે. આ કાવ્ય દ્વારા શ્રી સુન્દરમ્ સ્પષ્ટપણે સમજાવે છે કે ''હું માનવી માનવ થાઉં તો ઘણું.''

આ કાવ્ય દ્વારા આપણને શ્રી સુન્દરમ્‌માં ગુપ્તવેશે છુપાયેલા આધ્યાત્મિકતાના

દર્શન થાય છે, તેમની આધ્યાત્મિકતાની ક્ષમતા અનુભવાય છે.

સામાન્યરીતે એવી માન્યતા છે કે શ્રી સુન્દરમ્ પોંડીચેરી આવ્યા બાદ આધ્યાત્મિક બન્યાં, તે માન્યતા ભૂલભરેલી છે; કારણ કે શ્રી સુન્દરમ્ એક કવિ હતા અને ગીતામાં કવિનો અર્થ આર્ષદૃષ્ટા થાય છે, જે આપણને સુન્દરમ્નાં અનેક કાવ્યોમાં અનુભવાય છે.

'માનવી માનવ' કાવ્ય દ્વારા શ્રી સુન્દરમ્ આપણને સ્પષ્ટપણે સમજાવે છે. માનવે માનવદેહ ધારણ કર્યો છે પરંતુ તે સર્વાંગી સ્વરૂપે માનવ બન્યો નથી. હાલ આપણે અનુભવીએ છીએ કે માનવ પૂર્ણ માનવસ્વરૂપે નહીં પરંતુ પશુમાનવ તરીકે જીવન જીવે છે.

હાલ માનવ પશુમાનવ તરીકે જીવતો હોવાથી ભ્રષ્ટાચાર, સ્વાર્થીપણું અને અનેક અવગુણોથી ભરપૂર જીવન જીવે છે, જેનો અનુભવ આપણને આપણા જીવનમાં હરરોજ અનુભવાય છે. આપણે કોઈ પણ ક્ષેત્ર લઈએ-પછી તે રાજકારણ હોય કે ધર્મ, કેળવણી હોય કે સેવા, ગમે તે ક્ષેત્ર લઈએ જ્યાં ભ્રષ્ટાચાર, સ્વાર્થ, ભયની પ્રીત વગેરેથી મુક્ત નથી. આ બધા અવગુણો માનવમાં છુપાયેલા પશુના છે, જેને સમજાવવતા શ્રી માતાજી જણાવે છે : ''દરેક માણસમાં એક જંગલી પશુ બેઠેલું છે અને સહેજ પણ અભાનતાની ક્ષણે તે પોતાની જાતને પ્રગટ કરવા તૈયાર છે. સતત જાગૃતતા એ જ એક ઉપાય છે.''

માનવની અંદર છુપાયેલો માનવનો અહંકાર એ જ માનવમાં રહેલ પશુ છે. આ અહંકાર જ માનવને અજાગૃત અવસ્થામાં રાખે છે.

અહંકાર માનવને શા માટે અંધકારમાં રાખે છે તે સમજાવવા માટે 'ગીતા' આપણને મદદરૂપ થાય છે. સત્ત્વગુણ માનવને સુખ અને જ્ઞાનમાં આસક્તિ ઉપજાવે છે. રજોગુણ રાગ અને કામના ઉત્પન્ન કરે છે. તમોગુણ જડતા અને અજ્ઞાન દ્વારા આળસુ અને અસાવધ બનાવે છે. આ ત્રણેય ગુણો માનવની અપરાપ્રકૃતિના છે.

અપરાપ્રકૃતિના ગુણોમાંથી મુક્ત થઈ ત્રિગુણાતીત કેવી રીતે થવું અને પરાપ્રકૃતિમાં કેવી રીતે પ્રવેશ કરવો તે સમજાવતા શ્રી સુન્દરમ્ 'માનવી માનવ' કાવ્યમાં જણાવે છે :

''આ ચેતનાનો કણ જાળવી હું
અમાનુષી દાનવતાપ્રવાતે
બુઝાઈ જાતો હું લઈ બચાવી,
એ ચેતનાને અધિકાધિની હું
પ્રજ્વાળવા ઈચ્છું અહીં અહીં જ,
આ ભૂમિમાં, માનવદેહ માંહે
પુનઃ પુનઃ પ્રાર્થું જન્મ મારો.''

શ્રી સુન્દરમ્ સ્પષ્ટ સમજાવે છે કે ચેતનાની જ્યોત જલતી રાખવા માટે માનવે

પોતાની અંદર રહેવા દાનવરૂપી અમાનુષી તત્ત્વને પ્રકાશપૂર્ણ માનસમાં રૂપાંતર કરવાનો છે. રૂપાંતરની આ ક્રિયા દ્વારા ફક્ત એક જ જન્મમાં આ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી, પરંતુ તે માટે માનવે પુનઃ પુનઃ જન્મ લેવો પડે છે, જેના દ્વારા અમાનુષી માનવમાં રહેલ દાનવ-તત્ત્વ રૂપાંતર પામશે.

અમાનુષી દાનવ-તત્ત્વને કેવી રીતે રૂપાંતરિત કરવો તે સમજાવતા શ્રી સુન્દરમ્ જણાવે છે :

''વિકાસની દિક નિત મોકલી હ્યાં,
હ્યાં સત્ત્વ ઉચ્ચોચ્ચ ખિલાવવાના
નિઃસીમ કાર્યપટો વિછાવ્યા.''

શ્રી સુન્દરમ્ સ્પષ્ટપણે સમજાવે છે કે પુનઃપુનઃ જન્મ પામી માનવે વિકાસની દિશા ખિલવવાની છે. માનવે પોતાની અંદર રહેલા પ્રભુના સત્ત્વ એટલે ચૈત્યપુરુષની ખિલવણી કરવાની છે, જેના દ્વારા હાલ માનવની ચેતના સીમિત છે. તે નિઃસીમ એટલે કે બંધનમુક્ત કરવાની છે. ચેતના બંધનમુક્ત થવાથી આપોઆપ અનંત શક્તિઓ રૂપે પ્રગટ થશે.

માનવમાં પૂર્ણરૂપે ચૈત્યપુરુષ વિકાસ પામશે ત્યારે માનવની અંદર આપોઆપ પરમ પ્રભુ પ્રતિષ્ઠિત થશે. જેને સમજાવતા સુન્દરમ્ જણાવે છે :

''આ અલ્પ દેહે પ્રભુની પ્રતિષ્ઠા,
સ્થપાયલી શાશ્વત સત્યનિષ્ઠા,
સત્કાર્યદીક્ષા હૃદયે દૃઢીને
અનંતનો દીપકવાહી હું આ-
મનુષ્ય જન્મ્યો, મનુ-જન્મ કેરું
રહસ્ય હું પૂર્ણનું પૂર્ણ પામુંઃ
આ ભૂમિમાં પાય છતાં અનંતે
અડ્યું યથા વામન કેરું શીશ,
હું એક દી એમ ત્રિલોક માપતો,
વસુંધરાને વસુ આપી વિશ્વનાં,
વસુંધરાનું વસુ થાઉં સાચું,
હું માનવી માનવ થાઉં તો ઘણું.''

આપણે સૌ શ્રી સુન્દરમ્ સમજાવ્યા મુજબ આપણી સત્યનિષ્ઠાને પ્રભુની પ્રતિષ્ઠા બનાવી, પશુમાનવમાંથી માનવ બની, અતિમાનવમાં પ્રવેશ કરીએ એ જ શ્રી સુન્દરમ્‌ના જન્મદિનની ઉજવણી છે.



શ્રી અરવિંદ

A message from the unknown immortal Light. Ablaze upon creation's quivering eldge,
Dawn built her aura of magnificent hues, And buried its seed of grandeur in the hours.

Savitri B-1, C-1, P-4

સૃષ્ટિનું વાવેતર

ભાવાનુવાદ

અજાણ્યા અમર પ્રકાશમાંથી, એક સંદેશ ચમકી ઊઠ્યો,
ને જગત સર્જનની કોરે, પ્રભાતે સજ્યું એ વલય જો,
તેજ - બિંદુથી ભર્યુંભર્યું, એ વાવ્યું ઘરામહિં,
એ બીજ ભવ્ય પળ મહિં, જીવ-સૃષ્ટિ ઉગાડવા.

ચંદ્રઘંટા

સાધક સાધના માર્ગે ચડે, કરે ચિત્તને શુદ્ધ,
આંતર-ચેતનામાં રમે, બને સાધક યોગ-મૂક્ત. ॥૧॥

ચિત્તમાં એકાગ્ર થતાં, અનુભવે આંતર ઉજાશ,
સૌમ્ય પ્રકાશ સોમતણો, આત્મપ્રભાનો વિલાસ. ॥૨॥

ચિત્તને તે ઠારતો, શાંતિ મુદિતા સાથ,
એકાગ્રતામાં અનુભવે, અનાહતનો ઘેરો નાદ. ॥૩॥

રણકાર અખંડ રણકતો, મસ્તક દસમે દ્વાર,
વિશ્વશક્તિના વહેણ થકી, આ નાદ ગુંજે સદાય. ॥૪॥

આંતર-ઉજાશ ચંદ્રરૂપ ગણે, નાદ ઘંટા રૂપ,
તેથી તેજપુંજ ચેતના ગણી, ચંદ્રઘંટા સ્વરૂપ. ॥૫॥

જ્યોતિર્મય મનસ્તત્ત્વ આ, આંતર-પ્રેરણા પરોઢ,
શાસ્ત્રો નાદ-બિંદુ ગણે, વા શશીશેખર અઘોર. ॥૬॥

પુરાણો ભાલચંદ્ર કહે, યોગ કહે બ્રહ્મ ચિહ્ન,
ચંદ્રઘંટા શાક્તો કહે, વાત કોઈની ન એ ભિન્ન. ॥૭॥

ચેતનાની ઊર્ધ્વગતિ, છે આ નિશ્ચિત જાણ,
આંતર તૃપ્તિ - શાંતિને, સહજ ભાવે તું માણ. ॥૮॥

(ચંદ્રઘંટાના આ સ્વરૂપમાં વાઘ પ્રાણમય કઠોર તપનું પ્રતીક છે, દશભૂજા ચેતનાની સક્રિયતાની સમગ્રતા દર્શાવે છે, બધી દિશામાં કાર્ય સૂચવે છે. તેણે વિવેકનાં શસ્ત્રો અને તપનું કમંડલ ધારણ કરેલ છે. હાથમાંનું કમળ વિકસતી ચેતના છે. કાનનાં ઘંટાસ્વરૂપ કર્ણફૂલો અનાહતનાદનું પ્રતીક છે. વિકસતું પ્રભામંડળ સોમની, પ્રકાશની અનુભૂતિ છે.)

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫
લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper for INDIA
No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH